Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૪ મે, ૨૦૨૪

4/5/2024 * VOL : 44 * NO. 230 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૧૧

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
**Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

## શેરબજારમાં રોકાણકારોએ ૨.૨૮ લાખ કરોડ ગુમાવ્યા

**મુંબઈ,**

શેરબજારમાં હેવી પ્રોફિટ બુકિંગના પગલે આજે સેન્સેક્સ એક તબક્કે ૧૬૨૭.૪૫ પોઈન્ટ તૂટ્યા બાદ અંતે ૭૩૨.૯૬ પોઈન્ટ ઘટાડે ૭૩૮૭૮.૧૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ ૨૨૭૯૪.૭૦ પોઈન્ટની રેકોર્ડ ટોચે પહોંચ્યા બાદ ૧૭૨.૩૫ પોઈન્ટ ઘટી ૨૨૪૭૫.૮૫ પર બંધ રહ્યો હતો. માર્કેટની અફરાતફરીમાં રોકાણકારોએ કુલ રૂ. ૨.૨૮ લાખ કરોડની મૂડી ગુમાવી છે.

# રાહુલ ગાંધીએ રાયબરેલીથી ઉમેદવારી નોંધાવી

### સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને ખડગે સહિતના નેતાઓ હાજર રહ્યા

**નવી દિલ્હી,**

કોંગ્રેસે અમેઠી અને રાયબરેલી લોકસભા સીટ માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. આ બેઠકો અંગે ઘણા સમયથી સસ્પેન્સ હતું. રાહુલ ગાંધી પણ કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે. સાથે જ કેએલ શર્મા ગાંધી પરિવારના નજીકના હોવાનું કહેવાય છે. તેઓ સોનિયા ગાંધીના સાંસદ પ્રતિનિધિ છે.

રાહુલ ગાંધીએ આજે શુક્રવારે રાયબરેલી લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને અશોક ગેહલોત હાજર રહ્યા હતા. શુક્રવારે સવારે જ કોંગ્રેસ પાર્ટીએ અમેઠી અને રાયબરેલી સીટ પરથી ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જે બાદ રાહુલ ગાંધી તેમની માતા સોનિયા ગાંધી, બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા, રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને અન્યો સાથે રાયબરેલીના ફુરસતગંજ એરપોર્ટ પર વિમાનમાંથી ઉતર્યા હતા.

પાર્ટીએ શુક્રવારે સવારે જાહેરાત કરી કે, રાહુલ ગાંધી રાયબરેલી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે, જે અગાઉ તેમની માતા સોનિયા ગાંધીનો મતવિસ્તાર હતો. પાર્ટીએ શુક્રવારે એક નિવેદનમાં કહ્યું કે, ગાંધી પરિવારના નજીકના સહયોગી કિશોરી લાલ શર્માને અમેઠી લોકસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

આખરે કોંગ્રેસે સસ્પેન્સનો અંત લાવી દીધો છે. કોંગ્રેસે અમેઠી અને રાયબરેલી લોકસભા સીટ માટે પોતાના ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસે અમેઠીથી કિશોરી લાલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે.તો મળતી માહિતી મુજબ પ્રિયંકા ગાંધી ચૂંટણી લડવાના નથી.

આ બેઠકો અંગે ઘણા સમયથી કોંગ્રેસે સસ્પેન્સ રાખ્યુ હતું. રાહુલ ગાંધી પણ કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે. બીજી તરફ અમેઠીથી કોંગ્રેસના કેએલ શર્માની ભાજપમાંથી સ્મૃતિ ઈરાની સામે ટક્કર થશે. સાથે જ કેએલ શર્મા ગાંધી પરિવારના નજીકના હોવાનું કહેવાય છે. તેઓ સોનિયા ગાંધીના સાંસદ પ્રતિનિધિ છે. કોંગ્રેસે આજે એટલે કે શુક્રવારે બે ઉમેદવારોની યાદી જાહેર કરી. આ નવી યાદીમાં કોંગ્રેસે અમેઠીથી કેએલ શર્મા અને રાયબરેલીથી રાહુલ ગાંધીને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. ઘણા સમયથી એવું કહેવામાં આવી રહ્યું હતું કે રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડશે, પરંતુ આખરે પાર્ટીએ પોતાનો નિર્ણય બદલ્યો અને રાહુલને રાયબરેલીથી મેદાનમાં ઉતાર્યા. બીજી તરફ કેએલ શર્મા ગાંધી પરિવારના ખૂબ જ નજીકના માનવામાં આવે છે. કેએલ શર્મા લાંબા સમયથી રાયબરેલીમાં સોનિયા ગાંધીના પ્રતિનિધિ તરીકે કામ કરી રહ્યા છે કેએલ શર્માનું પૂરું નામ કિશોરી લાલ શર્મા છે. પંજાબના રહેવાસી કિશોરી લાલ



શર્મા ૧૯૮૩માં રાજીવ ગાંધી સાથે પહેલીવાર અમેઠી પહોંચ્યા હતા. ત્યારથી તેઓ સતત કોંગ્રેસ પાર્ટી માટે કામ કરી રહ્યા છે. ૧૯૯૧ માં રાજીવ ગાંધીના મૃત્યુ પછી, જ્યારે ગાંધી પરિવારના સભ્યોએ આ બેઠક પરથી ચૂંટણી લડી ન હતી, ત્યારે પણ કેએલ શર્માએ કોંગ્રેસ પાર્ટીના તમામ સાંસદો માટે અહીં કામ કર્યુ હતું. આ પછી, સોનિયાના સાંસદ બન્યા પછી, તેઓ તેમના સંસદીય પ્રતિનિધિ તરીકે કામ કરી રહ્યા છે.

# શહેઝાદાને વાયનાડમાં હારનો ડરઃ મોદી

### પશ્ચિમ બંગાળમાં જાહેર સભાને સંબોધતા કોંગ્રેસ પર વડાપ્રધાને કરેલા પ્રહાર

**(એજન્સી) બર્ધમાન,**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના બર્ધમાન-દુર્ગાપુર અને કૃષ્ણનગરમાં સભા યોજી હતી. મોદીએ તેમના ભાષણની શરૂઆત જય મા દુર્ગા, જય મા કાલી અને હર હર મહાદેવના નારા સાથે કરી હતી.

૩૯ મિનિટના ભાષણમાં મોદીએ પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકાર, સંદેશખાલી, રામમંદિર, રામનવમી, વોટ-જેહાદ, કોંગ્રેસ અને રાહુલ ગાંધીની રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડવા બાબતે વાત કરી હતી.

તેમણે કહ્યું- TMCના એક ધારાસભ્ય કહે છે કે હિન્દુઓને ભાગીરથીમાં ફેંકી દેવાશે. તેઓ કઈ ભાષા બોલે છે? બંગાળ સરકારે અહીંના હિન્દુઓને બીજા વર્ગના નાગરિક બનાવ્યા છે. સંદેશખાલીમાં દલિત બહેનો પર અત્યાચાર થઈ રહ્યો છે અને અહીંની સરકાર આરોપીઓને બચાવવામાં વ્યસ્ત છે. એ પણ માત્ર એટલા માટે કે તેનું નામ શાહજહાં શેખ છે.

મોદીએ આગળ કહ્યું, બે તબક્કાનાં મતદાન બાદ વિપક્ષ મોદી વિરુદ્ધ વોટ-જેહાદ કરી રહ્યો છે. દેશના લોકો જેહાદનો અર્થ સારી રીતે સમજે છે.

વડાપ્રધાને રાહુલ પર કહ્યું- શેહઝાદાને વાયનાડથી હારી જવાનો ડર છે, તેથી અમેઠીથી ભાગીને રાયબરેલી પહોંચ્યા. તેઓ બધાને કહે છે - ડરશો નહીં. હું તેમને કહું છું- ડરશો નહીં... ભાગો નહીં.

મોદીએ કહ્યું- દેશ અને તમે બધાએ મને ખૂબ આશીર્વાદ આપ્યા છે. કદાચ કોઈ વ્યક્તિ તેના જીવનમાં કલ્પના પણ ન કરી શકે કે ભગવાનના રૂપમાં લોકો આટલા બધા આશીર્વાદ વરસાવે અને અવિરત વરસે તથા આ આશીર્વાદ વર્ષોવર્ષ વધતા જાય છે. જીવનમાં આનાથી મોટો સંતોષ કયો હોય?

તેમણે કહ્યું, તમે એ પણ જાણો છો કે જો પદ અને પ્રતિષ્ઠાની ઈચ્છા હોય તો એક વખત કોઈ વ્યક્તિ સ્ના શપથ લે છે, તો તે ચોક્કસપણે તેના જીવનમાં ઊંચાઈ પ્રાપ્ત કરે છે અને તેનું નામ ઈતિહાસમાં નોંધાઈ જાય છે. લોકોને લાગે છે કે મોદીજી બે વખત પીએમ રહી ચૂક્યા છે અને દુનિયામાં એટલા પ્રખ્યાત થઈ ગયા છે. અરે, થોડો સમય આરામ કરો. હું મોજ- મજા કરવા માટે જન્મ્યો નથી. હું ૧૪૦ કરોડ દેશવાસીઓની સેવા કરવા નીકળ્યો છું.

મોદીએ આગળ કહ્યું- મેં ગઈકાલે ટીવી પર જોયું કે ટીએમસીના ધારાસભ્ય કહી રહ્યા હતા કે ભાગીરથીમાં ૨ કલાકમાં હિન્દુઓ વહી જશે. આ કઈ ભાષા છે? બંગાળની ટીએમસી સરકારે હિન્દુઓને બીજા વર્ગના નાગરિક બનાવ્યા છે. આ કેવા લોકો છે, જેને જય શ્રીરામના નારા સામે પણ વાંધો છે? તેમને રામમંદિરના નિર્માણ સામે વાંધો છે, રામનવમીની શોભાયાત્રા સામે વાંધો છે.

તેમણે કહ્યું- આ વખતે કોંગ્રેસ પહેલાં કરતાં ઓછી સીટો પર જવાની છે. હવે દેશ પણ સમજી રહ્યો છે કે આ લોકો ચૂંટણી જીતવા માટે નથી લડી રહ્યા, તેઓ માત્ર ચૂંટણી મેદાનનો ઉપયોગ દેશના ભાગલા પાડવા માટે કરી રહ્યા છે.

મોદીએ છેલ્લે કહ્યું- મેં પહેલા જ કહ્યું હતું કે વાયનાડમાં હારના ડરથી શેહઝાદા પોતાના માટે બીજી સીટ શોધી રહ્યા છે. હવે તેમને અમેઠીથી ભાગીને રાયબરેલી બેઠક પસંદ કરવી પડી છે. આ લોકો ફરી ફરીને દરેકને કહે છે - ડરશો નહીં! હું પણ તેમને એ જ કહીશ - ડરશો નહીં! ભાગો નહિ!

# સમાન નામ ધરાવતા ઉમેદવારો પર પ્રતિબંધ મુકવાનો સુપ્રીમનો ઈન્કાર

**(એજન્સી) નવી દિલ્હી,**

સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં સમાન નામ ધરાવતા ઉમેદવારો પર પ્રતિબંધ મૂકવાની માગ કરતી અરજીને ફગાવી દીધી છે. શુક્રવારે જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ સતીશ ચંદ્રા અને જસ્ટિસ સંદીપ શર્માની બેંચે કહ્યું કે જો કોઈનું નામ રાહુલ ગાંધી કે લાલુ યાદવ છે તો તેમને ચૂંટણી લડતા રોકી શકાય નહીં.

કોર્ટે કહ્યું- બાળકોના નામ તેમના માતા-પિતા રાખે છે. જો કોઈના માતા-પિતાએ તેને અન્ય કોઈના જેવું જ નામ આપ્યું હોય તો તેને ચૂંટણી લડતા કેવી રીતે રોકી શકાય? શું આનાથી તેમના અધિકારો પર અસર નહીં થાય? બેન્ચે અરજદારને કહ્યું કે તમે જાણો છો કે કેસનું ભાવિ શું હશે. સુપ્રીમ કોર્ટની ફટકાર બાદ અરજદારે પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી.

હકીકતમાં, સાબૂ સ્ટીફન નામના અરજદારે કહ્યું હતું કે હાઈ પ્રોફાઈલ સીટો પર સમાન નામના બીજા ઉમેદવારને ઉભા રાખવા એ જૂની યુક્તિ છે. જેના કારણે મતદારોના મનમાં મૂંઝવણ ઉભી થાય છે. સમાન નામોને કારણે લોકો ખોટા ઉમેદવારને મત આપે છે અને સાચા ઉમેદવારને નુકસાન થાય છે.

અરજદારે દાવો કર્યો હતો કે હરીફ રાજકીય પક્ષો જાણીજોઈને આવા ઉમેદવારોને ઉભા રાખે છે. બદલામાં, નામના ઉમેદવારને પૈસા, માલસામાન અને અન્ય ઘણા લાભો મળે છે. તેઓને ભારતના રાજકીય અને વહીવટી તંત્રની કોઈ જાણકારી નથી. અરજદાર તરફથી હાજર રહેલા એડવોકેટ વીકે બિજુએ કહ્યું કે તેઓ એવો દાવો નથી કરી રહ્યા કે આવા તમામ ઉમેદવારો નકલી છે અથવા તેમને ચૂંટણી લડવાનો અધિકાર નથી. જો કે, નામના ઉમેદવારોને ટાળવા માટે અસરકારક તપાસ અને યોગ્ય પદ્ધતિની જરૂર છે. વીકે બિજુએ ચૂંટણી આચારના નિયમો, ૧૯૬૧ના નિયમ ૨૨(૩)ને ટાંકીને માગણી કરી હતી કે જો બે કે તેથી વધુ ઉમેદવારોના નામ એક જ હોય, તો તેઓને તેમના કાર્યસ્થળ, રહેઠાણ અથવા અન્ય કોઈપણ રીતે અલગથી ઓળખવામાં આવે.

## નરેન્દ્ર મોદી નામાંકન ભરવા માટે ૧૩ મેના રોજ વારાણસી પહોંચશે

**વારાણસી,**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશની વારાણસી લોકસભા બેઠક પરથી સાંસદ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે પણ વારાણસીથી પીએમ મોદીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. છેલ્લા તબક્કા દરમિયાન વારાણસીમાં મતદાન થવાનું છે, એટલે કે ૧ જૂને વડાપ્રધાન મોદીના મતવિસ્તારમાં મતદાન થશે. આવી સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી નામાંકન ભરવા માટે ૧૩ મેના રોજ વારાણસી પહોંચશે. જોકે, તે બીજા દિવસે એટલે કે ૧૪ મેના રોજ નોમિનેશન ફાઈલ કરશે. આ પહેલા એટલે કે ૧૩ મેના રોજ પીએમ મોદી વારાણસીમાં એક વિશાળ રોડ શો કરશે. પીએમ મોદીના રોડ શોને લઈને ભાજપના કાર્યકરો ખૂબ જ ઉત્સાહિત છે અને તૈયારીઓ શરૂ કરી દીધી છે. વારાણસીના જિલ્લા મેજિસ્ટ્રેટ વતી આ લોકસભા ચૂંટણીમાં વારાણસી બેઠક માટે અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં મતદાનની ટકાવારી વધારવા માટે કામ કરવાની અપીલ કરવામાં આવી છે.

## સુપ્રીમે જીએસટી એક્ટ હેઠળ નોટિસ- ધરપકડનો ડેટા માંગ્યો

**(એજન્સી) નવી દિલ્હી,**

સુપ્રીમ કોર્ટે જીએસટી કાયદા હેઠળ ૧ થી ૫ કરોડ રુપિયાના ડિફોલ્ટ માટે જારી કરાયેલી નોટિસ અને ધરપકડ અંગે કેન્દ્ર પાસેથી ડેટા માંગ્યો છે. કોર્ટે કહ્યું કે કેટલીકવાર ધરપકડ કરવામાં આવતી નથી, પરંતુ લોકોને નોટિસ આપીને અને ધરપકડની ધમકી આપીને હેરાન કરવામાં આવે છે. જીએસટી એક્ટ, કસ્ટમ એક્ટ અને પીએમએલએની જોગવાઈઓને પડકારતી ૨૮૧ અરજીઓની સુનાવણી દરમિયાન કોર્ટે આ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે નાગરિકોને તેમની સ્વતંત્રતા છીનવી લેવાથી બચાવવા માટે માર્ગદર્શિકા નક્કી કરી શકીએ છીએ, પરંતુ તેમને હેરાન થવા દઈશું નહીં. ખરેખરમાં, અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ સિદ્ધાર્થ લુથરાએ કહ્યું હતું કે અધિકારીઓ જીએસટી કાયદા હેઠળ તેમની સત્તાનો દુરુપયોગ કરે છે. ધરપકડ કરવામાં આવતી નથી, પરંતુ લોકોને નોટિસ આપવામાં આવે છે અને ધરપકડની ધમકી આપવામાં આવે છે. તે લોકોની સ્વતંત્રતામાં ઘટાડો કરી રહ્યું છે. આ બાબતે, જસ્ટિસ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા એમ ત્રિવેદીની બનેલી બેંચ, કેન્દ્ર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કહ્યું કે લોકોને તમામ કેસમાં જેલના સળિયા પાછળ ધકેલી શકાય નહીં. ખંડપીઠે કહ્યું કે છેતરપિંડીના કેસ અને અજાણતાં ભૂલો વચ્ચે તફાવત હોવો જોઈએ. કોર્ટે જીએસટી એક્ટની કલમ ૬૯માં ધરપકડની સત્તા અંગે સ્પષ્ટતાના અભાવ પર ચિંતા વ્યક્ત કરી હતી. એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કહ્યું કે તેઓ સેન્ટ્રલ જીએસટી એક્ટ હેઠળ નોટિસ અને ધરપકડ સંબંધિત ડેટા એકત્રિત કરશે. જો કે, તેમણે એમ પણ કહ્યું કે રાજ્યોને લગતી આવી માહિતી એકત્રિત કરવી મુશ્કેલ હશે, પરંતુ તેઓ આગામી સુનાવણીના દિવસે બેન્ચના પ્રશ્નોના જવાબ આપવાનો પ્રયાસ કરશે. કેસની આગામી સુનાવણી ૯ મેના રોજ થશે.

# આતંકવાદીના મોઢે શાંતિની વાત શોભે નહીં : ભારત

**(એજન્સી) ન્યુ યોર્ક,**

યુએન જનરલ એસમ્બલીમાં ભારતે પાકિસ્તાનને ફટકાર લગાવી હતી. ભારતે કહ્યું હતું કે તેનો ટ્રેક રેકોર્ડ તમામ બાબતોમાં ખરાબ છે. પાકિસ્તાનના રાજદ્વારી દ્વારા યુએન જનરલ એસેમ્બલી બેઠકમાં ભારતના કાશ્મીર, સિટિઝનશીપ એક્ટ અને અયોધ્યાના રામ મંદિર બાબતે ટિપ્પણી કરતા ભારતે તેના વળતા જવાબમા પાકિસ્તાન પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. ભારતના યુએનના કાયમી પ્રતિનિધિ એવા રુચિરા કાબોજે પાકિસ્તાનની નિંદા કરી હતી. પાકિસ્તાના યુએનના રાજદ્વારી એવા મુનીર અકરમે પહેલા કાશ્મીર, સિટિઝનશીપ એક્ટ અને અયોધ્યાના રામ મંદિર મુદ્દે ભારતની નિંદા કરતા તેના વળતા જવાબમાં ભારતના યુએનના કાયમી પ્રતિનિધિએ રુચિરા કામબોજે પાકિસ્તાનની ઝાટકણી કાઢી હતી. કલ્ચર ઓન પીસના મુદ્દે યોજાયેલી આ બેઠકમાં ભારતે જણાવ્યું હતું કે પાકિસ્તાનનો આતંકવાદ સીધી રીતે જ કલ્ચર ઓન પીસનો વિરોધી છે.પાકિસ્તાન નો ટ્રેક રેકોર્ડ સૌથી શંકાસ્પદ છે ધર્મ ના નામે ભેદભાવ અને હિંસાના અનેક કિસ્સાઓ પણ સામે આવ્યા છે.આ સિવાય તમામ ધર્મનો મુખ્ય સારાંશ એવા કરુણા, સમજણ અને સહઅસતિત્વથી પણ તે વિપરીત છે. તેના પગલે સમગ્ર વિશ્વમાં એકતા પણ જળવાતી નથી.




## અયોધ્યા રામ મંદિરમાં પહેલીવાર સીતાનો જન્મમહોત્સવ ઉજવાશે

**અયોધ્યા,**

અયોધ્યામાં માતા જાનકીની જન્મજયંતિની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રામ મંદિરમાં ઉજવણી કરવામાં આવશે. હિંદુ કેલેન્ડર અનુસાર માતા જાનકીની જન્મજયંતિ દર વર્ષે વૈશાખ મહિનાના શુક્લ પક્ષમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે ઉદયા તિથિને લઈને પણ મતભેદો ઉભરી રહ્યા છે. ધાર્મિક નગરી અયોધ્યાના છોટી દેવકાલી મંદિરમાં ૧૬ મેના રોજ જાનકી નવમીનો તહેવાર ઉજવવામાં આવશે. જ્યારે વૈષ્ણવ પરંપરાના મંદિરોમાં ૧૭મીએ જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. આટલું જ નહીં સૌપ્રથમવાર માતા જાનકીની જન્મજયંતિની પણ ભવ્ય મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. માતા જાનકીની જન્મજયંતિને લઈને બે દિવસ સુધી અયોધ્યામાં આખું શહેર ગુંજી ઉઠશે.

રામ નવમી બાદ મંદિરો અને મૂર્તિઓની નગરી અયોધ્યામાં ફરી એકવાર જાનકી જન્મોત્સવની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રંગ મહેલ, દશરથ મહેલ સહિત છોટી દેવકાલી મંદિરમાં માતા સીતાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે.






## હરિપ્રસાદ સ્વામીની વારસાઈના કાનૂની જંગમાં ન્યુઝીલેન્ડ કોર્ટનો હરિપ્રબોધમ પરિવારની તરફેણમાં ચુકાદો

**(એજન્સી)વેલિંગ્ટન,**
હરિધામ સોખડાને ગુજરાતના ટોચના તીર્થક્ષેત્રર બનાવનાર હરિપ્રસાદ સ્વામીના બ્રહ્મલીન થયા બાદ છેલ્લા ઘણા સમયથી સંતોના બે જૂથ વચ્ચે ગાદી અને ૭ મંદિરના વહીવટને લઈને વિવાદ ચાલી રહ્યો છે. જેમાં એક તરફર બ્રહ્મલીનન હરિપ્રસાદ સ્વામીનના ગુરૂભાઈ પ્રેમસ્વરૂપ સ્વામી છે તો બીજી તરફ હરિપ્રસાદ સ્વામીના શિષ્ય પ્રબોધ સ્વામી છે.

સોખડા સ્વામીનારાયણય મંદિરના નવા ગાદીપતિ તરીકે પ્રેમસ્વરૂપદાસ સ્વામીની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારે બે સ્વામીનારાયણ સંતોની આધ્યાત્મિક વારસાની લડાઈ વિદેશની કોર્ટમાં પણ ચાલી રહી હતી. ન્યુઝીલેન્ડ કોર્ટમાં ચાલી રહેલા લડાઈના અંતે આખરે

**ન્યુઝીલેન્ડ યોગી ડિવાઈન સોસાયટી ટ્રસ્ટની સંસ્થાકીય અને ટ્રસ્ટની જવાબદારી હરીપ્રબોધમ પરિવાર સંભાળશે**

ચુકાદો હરિપ્રબોધમ પરિવારના તરફે આવ્યો છે.

સોખડા સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક હરિપ્રસાદ સ્વામી પહેલાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા સાથે જોડાયેલા હતા. તેમણે વર્ષ ૧૯૭૧માં સોખડા ખાતે પ્રથમ ૫ સંતોને દીક્ષા આપીને સંપ્રદાયની શરૂઆત કરી હતી. જુલાઈ ૨૦૨૧માં હરિપ્રસાદ સ્વામીના નિધન બાદ તેમના વારસદારની નિમણૂંક માટે બે સંતો (પ્રબોધ સ્વામી અને પ્રેમ સ્વામી)ના સમર્થકોએ પોતપોતાના ગુરૂને દાવેદાર તરીકે રજૂ કરતાં વિવાદ થયો હતો. આ વિવાદ એટલી હદે વકર્યો છે કે હવે ૧૫૦ મોટા સંતોમાં પણ ભાગલા પડી ગયા છે અને મુખ્ય ગુરૂની ગાદી માટે પ્રબોધ સ્વામી અને પ્રેમસ્વરૂપ સ્વામીના ભકતો બે જૂથમાં વહેંચાઈ ગયા છે.

વડોદરાના હરિધામ સોખડા મંદિરના બે સંતોનો વિવાદ વિદેશમાં પહોંચ્યો હતો. હરિપ્રસાદ સ્વામીના અવસાન બાદ બે સંતો વચ્ચે આધ્યાત્મિક વારસાઈ માટે લડાઈ ચાલતી હતી. બે સંતો વચ્ચેની લડાઈ અંગે વડોદરા કોર્ટમાં પણ પિટિશન દાખલ થઈ હતી. બે સંતોની કાયદાકીય લડાઈ ભારત સુધી સીમિત ન રહી, વિદેશ સુધી પહોંચી હતી. ન્યુઝીલેન્ડની હાઈકોર્ટમાં સોખડાના પ્રેમ સ્વરૂપસ્વામી જૂથ દ્વારા પિટિશન દાખલ કરાઈ હતી. યયોગી ડિવાઈન સોસાયટી ન્યુઝીલેન્ડના સંચાલન, વહીવટ તેમજ સત્સર્ગે કેન્દ્ર માટે પિટિશન દાખલ કરવામાં આવી હતી.

## ડાંગ જિલ્લાના સાકરપાતળ ખાતે મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાયા



**(ડાંગ માહિતી ): આહવાઃ**
લોકસભાની સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ અંતર્ગત, ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના સાકરપાતળ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને ડાંગ કલેક્ટર શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ, સ્વિપ પ્રવૃતિ અંતર્ગત મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામા આવ્યા હતા.

લોકશાહીના આ મહાપર્વમાં મતદાન થકી ડાંગ જિલ્લાના તમામ મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે, તેમજ લોકશાહીમાં તેઓની ભાગીદારી સુનિશ્ચિત થાય તે માટે, સાકરપાતળ ગામમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/આંગણવાડી કાર્યકરો/આશાવર્કર તેમજ આરોગ્યના કર્મચારીઓએ ગામના હાટ બજાર અને સ્થાનિક દુકાનો ખાતે મતદાર જાગૃતિના ફ્લેક્સ બેનર-પોસ્ટર પ્રદર્શિત કર્યા હતા.

આ ઉપરાંત ગામના રસ્તાઓ ઉપર મતદાર જાગૃતિના વિવિધ સ્લોગન અને રંગોળી તૈયાર કરી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪માં દરેક નાગરીક મતદાનનું મહત્વ સમજે અને અવશ્ય મતદાન કરે તે હેતુથી વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૬મીએ થનારી એસસીબીએની ચૂંટણીથી અમલનો એસસીનો આદેશ

## સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનમાં હવે ૩૩ ટકા મહિલા અનામત

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે ન્યાયતંત્રમાં મહિલા સશક્તિકરણની દિશામાં વધુ એક પગલું ભરતા તેના બાર એસોસિએશન (એસસીબીએ)ની કારોબારી સમિતિમાં ઓછામાં ઓછી એક-તૃતિયાંશ મહિલા અનામતના અમલનો ગુરૂવારે આદેશ કર્યો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, હવેથી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના કુલ નવમાંથી ત્રણ એક્ઝિક્યુટિવ મેમ્બર, કુલ ૬માંથી બે સિનિયર એક્ઝિક્યુટિવ મેમ્બર અને ટ્રેઝરર મહિલા રહેશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંત અને સુપ્રીમ કોર્ટ કે.વી.વિશ્વનાથનની બેન્ચે બી.ડી.કૌશિક કેસમાં જૂનો ચુકાદો સ્પષ્ટ કરતાં આ નિર્દેશ આપ્યો.

**ત્રણ એક્ઝિ. મેમ્બર, બે સિનિયર એક્ઝિ. મેમ્બર અને ટ્રેઝરર મહિલા રહેશે**

બેન્ચના જણાવ્યાનુસાર આ આદેશનું સૌપ્રથમ વખત પાલન ૧૬ મેના રોજ થનારી સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની ચૂંટણીમાં થશે. આ ચૂંટણીનું પરિણામ ૧૮ મે, રવિવારના રોજ આવશે. કોર્ટે કહ્યું કે ઉમેદવારોની યોગ્યતા અને શરતોમાં આવશ્યક ફેરફાર બાબતે આઠ પ્રસ્તાવ આવ્યા પણ ફગાવી દેવાયા. આ ઉપરાંત એસોસિએશનના સભ્ય બનવા માટેની ફી તથા ચૂંટણી લડવા માટે ઉમેદવારની ડિપોઝીટની રકમ અંગે લેવાયેલા પ્રસ્તાવ પણ ૩૦ એપ્રિલે મળેલી સ્પેશિયલ જનરલ બોડીની મીટિંગમાં ફગાવાયા હતા. આ સંજોગોમાં કોર્ટે અનુભવ્યું કે, નિયમ, યોગ્યતા, શરતો અને ફી અંગે નિર્ણય લેવાની જરૂર છે કેમકે આ બાબતો દાયકાઓ સુધી અધ્ધરતાલ ન રાખી શકાય. તેમાં વેળાવર ફેરફારો જરૂરી છે. કોર્ટે કહ્યું કે એસસીબીએ આ બાબતે તેની વેબસાઈટ દ્વારા કે અન્ય રીતે સભ્યો પાસેથી ૧૯ જુલાઈ સુધીમાં સૂચનો મંગાવે. ત્યારબાદ વકીલો પાસેથી મળનારા સૂચનો બાર એસોસિએશન ડિઝિટલ કે પ્રિન્ટ ફોરમેટમાં સંકલિત કરીને કોર્ટને સોંપે.

## ન્યાયાધીશોને શનિ-રવિવારે પણ રજા મળતી નથી : સુપ્રીમ કોર્ટ

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં લાંબા વેકેશનની ટીકા કરતાં લોકો એ સમજી શકતા નથી કે શનિવાર અને રવિવારના દિવસે પણ ન્યાયાધીશોને રજા હોતી નથી. બીજા એસાઈનમેન્ટ, કોન્ફરન્સ પણ હોય છે. વેકેશન દરમિયાન લાંબા ચુકાદાઓ પણ લખવા પડે છે. જસ્ટિસ બી.આર.ગવઈ અને સંદીપ મહેતાની ખંડપીઠે અઆ અવલોકન કર્યા હતા. અગાઉ સોલિસીટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ લાબું વેકેશન લે છે તેવી ટીકા કરતાં લોકો જાણતા નથી કે જજો કેવી રીતે કામ કરે છે. કોર્ટમાં પશ્ચિમ બંગાળના મામલાની સુનાવણી ગુરૂવારે નિર્ધારિત કરવામાં આવ્યા પછી વેકેશનનો મુદ્દો ઊભો થયો હતો. આ મામલામાં સર્વોચ્ચ અદાલતે બન્ને પક્ષકારોને જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં ૨૦ મેથી ઉનાળુ વેકેશન ચાલુ થાય તે પહેલાં દલીલો પૂર્ણ કરવામાં આવે. જસ્ટિસ ગવઈએ કહ્યું હતું કે, જે લોકો ટીકા કરે છે. તેઓ સમજી શકતા નથી કે અમને શનિવારર અને રવિવારે રજા મળતી નથી. બીજા અસાઈનમેન્ટ, કોન્ફરન્સ પણ હોય છે. કેન્દ્ર વતી હાજર રહેલા મહેતાએ બેન્ચ સમક્ષ જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો રોજના ૫૦-૬૦ કેસોનો નિકાલ કરે છે અને તેઓ રજાના હકદાર છે. આ મામલામાં હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે આ દેશનું સૌથી મોટું અઘરું કામ છે.

**કોર્ટના લાંબા વેકેશનની ટીકા કરતાં લોકોને સુપ્રીમ કોર્ટનો જવાબ : વેકેશનમાં લાંબા ચુકાદાઓ લખવા પડે છે**

પ્રચારકની ડિમાન્ડ કરાય છે પણ કોઈ સાંભળતું જ નથી

## કોંગ્રેસના કેન્દ્રીય સ્તરના મોટા ભાગના સ્ટાર પ્રચારકોને ગુજરાતમાં રસ જ નહીં

**(એજન્સી)અમદાવાદ,**
લોકસભાની ચુંટણીને લઈ કોગ્રેસ હાઈકમાન્ડે ગુજરાત માટે ૪૦ સ્ટાર પ્રચારકોના નામ જાહેરર કર્યા છે. જોકે પ્રદેશ સ્તરેથી કેટલાક સ્ટાર પ્રચારકોની પસંદગી થઈ છે. તેમાં કેટલાલક તો એવા છે જેમણે નાની શેરીઓમાં માંડ માંડ સભાઓ ગજવી છે. જેમની કોઈ જ ડિમાન્ડ નથી. ગુજરાતમાં કેટલીક બેઠકો પર ભાજપ કોગ્રેસ વચ્ચે સ્પર્ધા છે અને ત્યાંના ઉમેદવારોની ડિમાન્ડ છે. કે, રાષ્ટ્રીય નેતાઓમાંથી મજબૂત સ્ટાર પ્રચારક તેમના મતક્ષેત્રમાં ચુંટણી સભાઓ ગજવે, જોકે સ્થિતી એવી છે કે, મોટા ભાગના કેન્દ્રીય સ્ટાર પ્રચારકો ગુજરાત આવવાનું ટાળી રહયા છે.

રાજકીય વર્તુળોના કહેવા પ્રમાણે એક તરફ ભાજપના રાષ્ટ્રીય કક્ષાના સ્ટાર પ્રચારકો ગુજરાત આવે તો એક જ દિવસમાં બે થી ત્રણ જાહેરસભાઓ ગજવે છે. બીજી તરફ કોગ્રેસમાં અત્યાર સુધીમાં સ્ટાર પ્રચારકો પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધી ગુજરાત મુલાકાતે તો આવ્યા પણ માંડ એક એક જ જાહેરસભા ગજવી હતી. આસપાસના મતક્ષેત્રમાં જાણે રાષ્ટ્રીય નેતાઓને રસ ન હોય તેમ વધુ સભાઓ કરવાનું ટાળી રહયા છે. બીજી બાજુ કેટલીક રસાકસી વાળી સીટ છે ત્યાં પ્રચારકોની ડિમાન્ડ છતાં તેઓ આવતાં ન હોવા જેવી સ્થિતી છે.

**નાની શેરીઓમાં માંડ સભા ગજવી હોય તેમને ય પ્રચારક બનાવાયા**

લોકસભાની ચુંટણીને ગણતરીના દિવસો બાકી રહયા છે. ત્યારે કોગ્રેસમાં અંદરો અંદરની ટાંટીયાખેંચ પણ ચરમસીમાએ છે. જીગ્નેશ મેવાણીને ગુજરાતના સ્ટાર પ્રચારક બનાવાયા છે. જોકે આ જ સ્ટાર પ્રચારક વડગામમાં કોગ્રેસ સમર્થીત આગેવાનોની મીટીગ ના યોજાય તે માટે ધમપછાડા કર્યા હતા. એટલું જ નહી પરંતુ પ્રદેશ નેતાગીરી સમક્ષ રાજીનામું ધરી દેવાનીયે ચીમકી ઉચ્ચારી હતી. આ સિવાય ગુજરાતમાંથી પસંદ થયેલા મોટાટ ભાગના સ્ટાર પ્રચારકો એવા છે જે વારંવાર ચુંટણીમાં હાર્યા છે. એક રીતે કોગ્રેસમાં સ્ટાર પ્રચારકોનો દુકાળ પડયો છે. કેટલાક ઉમેદવારો સ્ટાર પ્રચારક માટે સતત ડીમાન્ડ કરી રહયા છે. પરંતુ તેમનું જાણે કોઈ જ સાંભળનાર ના હોય તેવી સ્થિતિ છે.

## મતદાન જાગૃતિ માટે લુણાવાડા કલેક્ટર કચેરી પટાંગણમાં રંગોળી કરાઈ

**માહિતી બ્યૂરો મહીસાગર**
લોકસભા ચુંટણીમાં મતદારોની સહભાગીદારી વધે તે માટે મતદાન જાગૃતિના સઘન ઝુંબેશના ભાગરૂપે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત લુણાવાડા કલેક્ટર કચેરી પટાંગણ ખાતે રંગોળી દ્વારા મતદાન જાગૃતિના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતા.



વધુમાં વધુ મતદારો પોતાનો કિંમતી મત આપી લોકશાહીના મહાપર્વમાં ભાગીદારી નોંધાવે તે હેતુથી સ્વીપ દ્વારા મતદાન જાગૃતિના વિવિધ પ્રયાસો થઈ રહ્યા છે. જે અંતર્ગત બહેનો દ્વારા લુણાવાડા કલેકટર કચેરી પટાંગણમાં મતદાન જાગૃતિ માટે રંગોળી કરીને નાગરિકોને મતદાન અંગે જાગૃત કરવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ''આવો મતદાન કરીએ'', ''ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ'' "proud fro vote" ŒÚkk "vote fro better India" ના સંદેશા થકી મહિલાઓ, પુરુષો અને યુવા મતદારોને સો ટકા મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત લુણાવાડામાં જિલ્લામાં ચાર કોશિયા, પોલીસ ચોકી સામે, કોટેજ ચોકડી અને બાલાસિનોર તાલુકામાં બસ સ્ટેશન ખાતે લોકસભાના ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો જેમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોએ ભાગ લઈ રંગોળી પૂરી લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા.

ડાંગની દીકરી અને ગોલ્ડન ગર્લ

## કુ. સરિતા ગાયકવાડે સૌને કરી મતદાનની અપીલ

**(ડાંગ માહિતી ): આહવા,**
ગોલ્ડન ગર્લ તરીકે ઓળખાતી ડાંગની દીકરી એવી દોડવીર કુ.સરિતા ગાયકવાડે, લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં સ્વંય મતદાન કરી, સૌ મતદાતાઓને મતદાન માટેની અપીલ કરી છે.



'ચુનાવ કા પર્વ-દેશ કા ગર્વ' એમ કહેતા આ સર્વોપરીએ, પોતાની ફરજના સ્થળે PB વોટિંગ કરીને સૌને આગામી તા.૭ મી મેના રોજ, ગુજરાતમાં ઉજવાઈ રહેલા 'દેશ કા મહાત્યોહાર' માં સહભાગી થવાની અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગની આ દીકરીને એશિયન ગેમ્સમાં સવર્ણ પદક જીત્યા બાદ, ગુજરાત પોલીસે ઉચ્ચ પોલીસ અધિકારીની ભૂમિકા માટે પસંદ કરી છે. હાલમાં તેણી 'કરાઈ' ખાતે, તેની તાલીમના અંતિમ ચરણમાં છે ત્યારે, ખાસ ફરજ પરના અધિકારી તરીકે તેણીએPB વોટિંગથી તેનો મત આપતા, સૌ ગુજરાતીઓને તા.૭ મી મે એ, લોકશાહીના આ ઉત્સવમાં મતદાન કરી, પોતાની ફરજ અદા કરવાનું આહ્વાન કર્યું છે.

રાજસ્થાન હાઈકોર્ટે બાળલગ્ન રોકવા આપ્યો આદેશ

## જ્યાં બાળલગ્ન થશે તો તેના પ્રમુખ અને પંચાયતના સભ્યો જવાબદાર

**(એજન્સી)જયપુર,**
રાજસ્થાનમાં બાળલગ્ન રોકવા માટે હાઈકોર્ટે અદ્દભૂત આદેશ આપ્યો છે. જેમાં કહ્યું કે કોઈપણ ગામ કે નગરમાં બાળલગ્ન થશે તો તેના માટે ગામના પ્રમુખ અને પંચાયતયના સભ્યો જવાબદારર રહેશે તેમ જણાવાયું છે. કોર્ટે કહ્યું કે બાળલગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ન અમલ છતાં રાજ્યમાં બાળલગ્નો થઈ રહ્યા છે.

જયપુર રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારને સુનિશ્ચિત કરવા આદેશ આપ્યો છે કે રાજ્યમાં કોઈ બાળલગ્ન ન થાય. આ સાથે કોર્ટે એમ પણ કહ્યું છે કે જો આવું થશે તો ગામના વડા અને પંચાયત સભ્યોને જવાબદાર ગણવામાં આવશે. ૧૦ મેના રોજ અક્ષય તૃતિયાના તહેવાર પહેલાં બુધવારે કોર્ટનો આદેશ આવ્યો હતો. રાજસ્થાનમાં અક્ષય તૃતિયા પર ઘણા બાળલગ્નો થાય છે.

**હજુ પણ બાળલગ્નો ગુપ્ત રીતે થાય છે : રાજસ્થાન હાઈકોર્ટ**

બાળલગ્ન રોકવા માટે કોર્ટના હસ્તક્ષેપની માંગ કરતી પીઆઈએલની સુનાવણી કરતાં કોર્ટની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, બાળલગ્ન નિષેધ અધિનિયમ ૨૦૦૬ના અમલીકરણ છતાં રાજયમાં બાળલગ્નો હજુ પણ થઈ રહ્યા છે. કોર્ટે કહ્યું કે, સત્તાવાળાઓના પ્રયાસોને કારણે બાળલગ્નોની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં હજુ પણ ઘણી જગ્યાએ બાળલગ્નો ગુપ્ત રીતે થઈ રહ્યા છે. જેને રોકવું ખૂબ જ જરૂરી છે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, રાજસ્થાન પંચાયતી રાજ નિયમો ૧૯૯૬ મુજબ બાળલગ્ન પર પ્રતિબંધ મૂકવો, સરપંચની ફરજ છે. કોર્ટે રાજ્યમાં જ્યાં બાળલગ્નો થાય છે અને પીઆઈએલ સાથે જોડાયેલ યાદી પર નજર રાખવા જણાવ્યું છે. આમ વચગાળાના પગલાં તરીકે અમે બાળલગ્નને રોકવા માટે હાથ ધરવામાં આવેલી તપાસ અંગેનો અહેવાલ માંગવા માટે પણ રાજ્યને નિર્દેશ આપીશું.

ડાંગ જિલ્લાના ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા

## અધિકારી/કર્મચારીઓએ આહવા સરકારી માધ્યમિક શાળા ખાતે પોસ્ટલ બેલેટથી કર્યું મતદાન

**(ડાંગ માહિતી): આહવાઃ**
લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમિયાન ડાંગ જિલ્લામાં ચૂંટણી ફરજની વિવિધ કામગીરી સાથે સંકળાયેલા અધિકારી, કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.



૧૭૩-ડાંગ (S.T) વિધાનસભા મતદાર મંડળના આહવા ખાતે ઉભા કરાયેલા ફેસિલિટેશન સેન્ટર ખાતે છેલ્લા ચાર દિવસથી પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં ભાગ લેતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મહેશ પટેલે સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે , પોસ્ટલ બેલેટથી પોતાનો કિંમતી મત આપી, લોકશાહીની પ્રણાલી નિભાવી હતી.

જેમની સાથે મેન પાવર મેનેજમેન્ટના નોડલ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, આદર્શ આચાર સંહિતા માટેના નોડલ ઓફિસર અને ક્ષ.ઈ.ક્ષ.છ ડાયરેકટર શ્રી એસ.ડી.તબિયાર, મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ ખાંટ, બેલેટ પેપર અને પોસ્ટલ બેલેટ માટેના નોડલ ઓફિસર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ પણ પોસ્ટલ બેલેટના માધ્યમથી મતદાન કરીને લોકશાહીના મહાપર્વમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ પ્રાંત કચેરી ખાતે યોજાયેલા આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓના યોજાયેલા મતદાન સહિત, વયસ્ક મતદારો, અને દિવ્યાંગ મતદારો કે જેમના ઘરે ઘર જઈને, ચૂંટણી તંત્રે મતદાન કરાવ્યું હતું, તેવા ૧૨૦ મતદારો, ઉપરાંત પોલીગ પાર્ટી, પોલીસ સ્ટાફ, અને ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા ૧૯૬૨ અધિકારી, કર્મચારીઓએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલા ૧૭૯૪ અધિકારી, કર્મચારીઓને EDC મતપત્રક ઈસ્યુ કરવામાં આવ્યા છે.

## જાપાન : ૩૦ વર્ષમાં કન્સાઈ એરપોર્ટ પર એક પણ બેગ ખોવાઈ નથી

**(એજન્સી)ટોકિયો,**
જાપાનના ઓસાકામાં કન્સાઈ આંતરરાષ્ટ્રીય વિમાનીમથકનીન ૧૯૯૪માં શરૂઆત કરવામાં આવી હતી. આ વિમાનીમથકના ૩૦ વર્ષના ઈતિહાસમાં એક પણ બેગ હજુ સુધી ખોવાઈ નથી. ખાસ બાબત એ છે કે, આ વિમાનીમથક પરથી વાર્ષિક બે કરોડથી ત્રણ કરોડ લોકો યાત્રા કરે છે. કન્સાઈ વિમાનીમથકે વર્ષ ૨૦૨૩માં આશરે એક કરોડ બેગ સોંપી છે.

વિમાનીમથક દ્વારા ૩૦ વર્ષની સાથે સાથે આ સિદ્ધિની ખાસ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. આ વિમાનીમથકને કેટલાક પ્રતિષ્ઠિત એવોર્ડ પણ મળી ચૂકયા છે. ૨૦૨૪ના વર્ષમાં બેગેજ ડિલિવરી માટે દુનિયાના શ્રેષ્ઠ વિમાનીમથક તરીકેનો એવોર્ડ જીત્યો હતો. સ્કાઈટ્રેક્સ પુરસ્કાર મળ્યા બાદ એરપોર્ટ સાથે જોડાયયેલા લોકો વધારે સારી કામગીરી અદા કરવા માટે ઉત્સુક બન્યા છે.

ઈન્દોરના કોંગી ઉમેદવારની સ્પષ્ટ વાત

## મને કોણ લાલચ આપી શકે, મે પહેરેલી ઘડીયાળ જ રૂા.૧૫ લાખની છે !

**(એજન્સી)ઈન્દોર,**
ઈન્દોર લોકસભા બેઠકો પર કોગ્રેસના અક્ષય ક્રાંતિ બામે નાટકીય રીતે ઉમેદવારીપત્રક પરત ખેચતા તેના પર રૂપિયા લઈ બેસી જવાનો આરોપ લાગ્યો હતો. આ આરોપોને નકારતા તેણે જણાવ્યું હતું કે મે પહેરેલી ઘડીયાળ જ ૧૫ લાખ રૂપિયાની છે, કોણ મને ખરીદી શકે.

બામે ૨૯મી એપ્રીલના રોજ લીધેલા પગલાંના લીધે ઈન્દોરની લોકસભા સીટ પર ભાજપના ઉમેદવાર શંકર લાલવાણી બિનહરીફ ચુંટાઈ આવ્યા છે.

**ખસી ગયાના પાંચ દિવસ પૂર્વે બામ પર કોર્ટે હત્યાના પ્રયત્નનો આરોપ લગાવ્યો હતો**

બામ તે જ દિવસે ભાજપમાં જોડાઈ ગયા હતા. તેની સાથે તેમણે ભાજપ સાથે કોઈ ડીલ હેઠળ જોડાયા હોવાની આરોપને નકાર્યો હતો.

બામે તેની એફીડેવીટમાં ૫૫.૨૮ કરોડની સંપત્તિની જાહેરાત કરી છે. તેમાં તેની ૧૪.૦૫ લાખ રૂપિયાની કાંડા ઘડીયાળનો પણ સમાવેશ થાય છે. તેમણે કોગ્રેસના તે આરોપને નકારી કાઢયો હતો.કે ભગવા કેમ્પને ચુંટણીનો જ ડર લાગતો હોવાથી હવે તે સીધા તેના ઉમેદવારોને ઉઠાવી રહી છે. અગાઉની ચુંટણીમાં બામે કોગ્રેસ પાસે ઈન્દોર-૪ ની વિધાનસભા બેઠક માંગી હતી. આ બેઠકને કોંગ્રેસ માટે અત્યંત મુશ્કેલ બેઠકોમાં એક ગણવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે આટલી મુશ્કેલ સીટ પર લડવા ઉત્સુક ઉમેદવારને પરાજયનો ડર કેવી રીતે હોય.

અહી રસપ્રદ વાત એ છે કે બામે ઉમેદવારીપત્ર પરત ખેચ્યુ તેના પાંચ દિવસ પહેલા ઈન્દોરની કોર્ટે તેના પર ૨૦૦૭માં જમીન વિવાદના કેસમાં કલમ ૩૦૭ લગાવી હતી. કલમ ૩૦૭ હત્યાના પ્રયાસ બદલ લાગે છે. તેમાં તેમના પિતા અને બીજાને પણ ઉમેરવામાં આવ્યા હતા. કોર્ટે બામ અને બીજા લોકોને દસમી મેના રોજ હાજર થવા આદેશ આપ્યો હતો.

## કેન્સરપીડિતે જેકપોટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા જીત્યા

**(એજન્સી)વોશિંગ્ટન,**
અમેરિકામાં એક કેન્સરપીડિતે પાવરબોલ જેકપોટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા જીતી લીધા છે. જેકપોટ જીતી જનાર લાઓસ મૂળના ૪૬ વર્ષીયય ચેંગ સેફાન છે. ચેંગ સેફાને સાતમી એપ્રિલના દિવસે મહિલા મિત્રની મદદથી જેકપોટ માટેની ટિકિટ ખરીદી હતી. ઈનામની રકમનો અડધો હિસ્સો ચેંગ તેમની પત્નીને આપી રહ્યા છે. જ્યારે બાકીની રકમ તેમની મહિલા મિત્રને આપવા માટે તૈયાર થયયા છે. જેકપોટ ઈનામી રકમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને લઈને તેમના પરિવારના સભ્યોમાં ઉત્સુકતા હતી.

## પ્લાસ્ટિકના ડબ્બામાં રખાયેલા ખોરાકમાં ૧૦ હજાર ઝેરી રસાયણો ઉત્પન્ન થાય છે

(એજન્સી)ઓસ્લો, પ્લાસ્ટીકીના ડબ્બામાં ખાવા-પીવાની ચીજોના સંગ્રહ કરવાથી ૧૦ હજાર પ્રકારના ઝેરી કેમીકલ ઉત્પન્ન થાય છે. આ કેમીકસ આપણા શરીરમાં રહેલા હોર્મોન્સને અસર કરે છે. અને પાચન શકિતને નબળી પાડે છે. એનવાયયર્નમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજજી જર્નલમાં પ્રકાશીત નોર્વેની યુનિવર્સીટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અભ્યાસમાં આ વાત સામે આવી છે. વિજ્ઞાનીઓએ જર્મની, નોર્વે, દક્ષીણ કોરીયા, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટ્રેટસના પ્લાસ્ટિકના ડબ્બામાં રાખવામાં આવેલા ૩૬ પ્રકારના ખોરાક પર સંશોધન કર્યુ સંશોધનમાં સામે આવ્યું છે. કે સ્ટોરમાં રખાયેલા આ ખાદ્ય પદાર્થોમાંથી ૧૦ હજાર આ પ્રકારના કેમીકલો ઉત્પન્ન થાયય છે. જે શરીરના હોર્મોન્સ અને મેટાબોલીઝમને અસર કરે છે. આ ૩૬ નમુનાઓમાંથી ૩૩ ગર્ભાવસ્થા એકસ રીસેપ્ટરને સક્રીય કરે છે.

## ૧લી જૂનથી ટી-૨૦ વર્લ્ડકપનો યુએસએ-વિન્ડિઝમાં પ્રારંભ થશે

**ટી-૨૦ વર્લ્ડકપમાં અમૂલ અમેરિકાની ક્રિકેટ ટીમને સ્પોન્સર કરશે**

**નવી દિલ્હી,**
ભારતની ડેરી ક્ષેત્રની સૌથી મોટી બ્રાન્ડ અમૂલ ટી-૨૦ વર્લ્ડકપમાં અમેરિકાની ક્રિકેટ ટીમને સ્પોન્સર કરશે. યુએસએ ક્રિકેટ બોર્ડે ગુરૂવારે આ અંગે જાહેરાત કરી હતી. અમેરિકા ટી-૨૦ વર્લ્ડકપનું સહ-આયોજન છે અને તેની ક્રિકેટ ટીમ સૌપ્રથમ વખત આઈસીસી ટુર્નામેન્ટમાં ડેબ્યુ કરી રહી છે. ૧લી જૂનથી ટી-૨૦ વર્લ્ડકપનો વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં પ્રારંભ થશે.

ટી-૨૦ વર્લ્ડકપ મુકાબલાના પ્રારંભિક મેચ અમેરિકા અને કેનેડા વચ્ચે રમાશે. ભારતની ડેરી ક્ષેત્રે મોટું નામ ગણાતા અમૂલે અગાઉ પણ આંતરરાષ્ટ્રીય મંચ પર અનેક ટીમોને સ્પોન્સ કરી છે જેમાં નેધરલેન્ડનો સમાવેશ થાય છે. અમૂલના દૂધનું વેચાણ હવે અમેરિકામાં પણ થઈ રહ્યું છે. યુએસએ ક્રિકેટના ચેરમેન વેણુ પિસિકેએ જણાવ્યું કે અમૂલ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ સાથે સહયોગથી મેદાનની અંદર અને બહાર પણ શ્રેષ્ઠ દેખાવ કરવાની અમને પ્રેરણા મળે છે. અમૂલ જેવી પ્રતિષ્ઠિત બ્રાન્ડ સાથે સહયોગથી મેદાનની અંદર અને બહાર પણ શ્રેષ્ઠ દેખાવ કરવાની અમને પ્રેરણા મળે છે. અમૂલ દૂધની તાકાતથી યુએસએ ક્રિકેટ ટીમ ટુર્નામેન્ટમાં વિશ્વભરમાંથી ચાહકોને દિલ જીતવામાં સફળ થશે તેવી આશા છે. અમૂલન મેનેજિંગ ડિરેકટર જાયેન મહેતાએ જણાવ્યું કે, આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપ માટે અમે ટીમને શુભેચ્છા પાઠવીએ છીએ.

### આપની આજ

**શનિવાર**
**તા.૪-૫-૨૦૨૪**



**મેષઃ-** આપના આયોજન સફળ થવાના છે. આપના ધંધા વ્યવસાયમાં આપના મિત્રો તેમજ સગા સંબંધીઓનો સાથ મળે.
**વૃષભઃ-** આજરોજ આપને રાજકીય પીઠબળ અને મદદ મળવાથી ગુચવાયેલા અને અટવાયેલ કામોમાં સફળતા મળશે.
**મીથુનઃ-** સરકારી વ્યક્તિઓ અથવા સરકારના ખાતાઓ તરફથી મુશ્કેલીઓ આવે તેવા યોગ છે.
**કર્કઃ-** સરકારી ટેન્ડરો તેમજ કોન્ટ્રાકટ મળવાના યોગ છે સરકાર તરફથી નાણાકીય સહાય પણ પ્રાપ્ત થવાની છે.
**સિંહઃ-** આજરોજ આપને કામકાજનું ભારણ વધુ રહેવાનુ છે. આપનુ આરોગ્ય સાચવશો.
**કન્યાઃ-** આપના પરદેશ જવાના કામોમાં અવરોધ મુશ્કેલીઓ આવશે. સંતાનોની પ્રગતીના સમાચારો મળવાના છે.
**તુલાઃ-** સરકારી કાકાજ તેમજ ટેન્ડર કોન્ટ્રાકટ મળવાની તક છે સરકાર તરફથી આપને નાણા મળી શકે તેમ છે.
**વૃશ્ચિકઃ-** આપના પરિવારના સભ્યોની માંગણીઓ પુરી કરવા માટે આપને બેંક બેલેન્સ ઓછુ થાય તેવા યોગ છે.
**ધન :** આપના વડીલો તેમજ ઉચ્ચકક્ષાના અધિકારીઓ તરફથી તમામ પ્રકારની મદદ મળવાની છે.
**મકરઃ-** આપના આત્મવિશ્વાસમાં ખૂબજ વધારો થવાનો છે આપના તમામ ઉદેશો અને કામો ખૂબજ ઝડપથી પૂર્ણ થાય.
**કુંભઃ-** પ્રેમ પરિણય, પ્રણયમાં વિજાતીય આર્કષણથી બચવાનો પ્રયત્ન કરશો. આવેલી તકનો ઉપયોગ કરશો.
**મીનઃ-** આજરોજ સરકારી કામકાજમાં લાભ થવાનો છે સરકારી અધિકારીઓ તરફથી પણ સલાહ સૂચન અને માર્ગદર્શન મળશે.


## એજન્ટો/ પત્રકારો નિમવાના છે

વેસ્ટર્ન ટાઇમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ** સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.
**મધ્ય ગુજરાતઃ** વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે
**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.
**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :
**મેનેજર, વેસ્ટર્ન ટાઇમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**
૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# વાવોલમાં ગોકુલધામ રેસીડેન્સીમાં ભાડુઆતો દૂર કરવા પ્રબળ માંગ

**ગાંધીનગર,**
ગુડા આવાસ ભાડે આપવાની મનાઈ છે. જોકે આવાસ ભાડે આપવાના મામલે ગુડા દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવે છે ત્યારે વાવોલની ગોકુલધામ રેસીડેન્સીમાં લાભાર્થીઓ દ્વારા ફલેટ ભાડે આપવાના મામલે સ્થાનિકોમાં વિરોધની લાગણી પ્રબળ બની છે. આ મામલે યોગ્ય તપાસ કરી આવાસો ખાલી કરાવવા મુખ્યમંત્રીને પત્રના માધ્યમથી રજુઆત કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વાવોલ વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૧૩ના ફાઈનલ પ્લોટ નંબર ૩૧૯માં ફલેટ ટાઈપ વસાહત બાંધવામાં આવેલી છે. જેને ગોકુલધામ રેસીડેન્સી નામાભિધાન કરવામાં આવેલું છે. સ્વાભાવિક રીતે જ આવાસોનો ડ્રો કરવામાં આવ્યો અને ત્યારબાદ લાભાર્થીઓને ફલેટનો કબજો સોંપવામાં આવ્યો ત્યારે પણ ગુડા દ્વારા આવાસનો ઉપયોગ માત્ર લાભાર્થી પરિવાર જ કરી શકશે અને અન્ય કોઈને ફલેટ ભાડેથી આપી શકાશે નહીં તેવી શરત મુકવામાં આવી હતી. જોકે બાદમાં આ શરત કાગળ પર રહી જતી હોય છે. ઘણા કિસ્સામાં લાભાર્થી દ્વારા ફલેટ ભાડે ચઢાવી દઈને બેંક લોનના હપ્તા ભરવાનું ગણિત બેસાડવામાં આવતું હોય છે તો ઘણા કિસ્સામાં ભાડાની કમાણી કરવા માટે જ ફલેટ લેવામાં આવતો હોય છે. જયારે ગોકુલધામ રેસીડેન્સી દ્વારા મુખ્યમંત્રીને પત્રના માધ્યમથી રજુઆતમાં જણાવવામાં આવ્યા મુજબ સોસાયટીમાં ચોરીના બનાવ બન્યા છે. આવા સંજોગોમાં અહીં ભાડે મકાન આપવાના મામલે તપાસ કરીને તેવા ફલેટ ખાલી કરાવવા વારંવાર રજૂઆત કરવામાં આવ્યા બાદ પણ તપાસ થઈ નથી. આ સ્થિતિ વચ્ચે આ આવાસોમાં ગેરકાયદે પ્રવૃતિ કે અણબનાવ બનશે તો આ માટે ગુડા જવાબદારી રહેશે. જયારે આવાસ ભાડે આપવાની સામે ખાલી કરાવવા ઝડપથી કાર્યવાહી હાથ ધરાય તે પણ અનિવાર્ય છે. રહીશો દ્વારા કરવામાં આવેલી ફરિયાદ અન્વયે ગુડા દ્વારા કુડાસણની વસાહતમાં ૧ અને સરગાસણની વસાહતમાં બે કીસ્સા પકડવામાં આવ્યા હતા. જયારે આ મામલે નોટીસ પણ આપવામાં આવી હતી.

**આ મામલે સ્થાનિકોએ અગાઉ મુખ્યમંત્રીને પણ રજુઆત કરી હતી**

# કલોલમાં જાહેર માર્ગ પર યુવતિની હત્યા કરનારને આજીવન કેદ

**ગાંધીનગર,**
કલોલ શહેરમાં ધોળા દહાડે એક્ટિવા પર જતી યુવતિને આંતરી ખંજરના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારનાર આરોપી ભાવેશ કેશવાનીને કલોલ સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે. આ ઉપરાંત વધુ એક વર્ષની સાદી કેદ તેમજ દંડ ભરવાની સજાનો હુકમ પણ કર્યો છે.

આ અંગે યુવતિના પિતાએ કલોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, તે મુજબ હકીકત એવી છે કે તેમની દીકરી હેમાએ છુટાછેડા લીધા હતા, તેમ છતાં તે કોઈ કામ અર્થે ઘરની બહાર જાય ત્યારે આરોપી ભાવેશ ધરમશી કેશવાણી (રહે. કલ્યાણપુરા, કલોલ) તેને રસ્તામાં અટકાવી અવાર નવાર કનડગત કરતો હતો અને એવી ધમકી આપી હતી કે 'તું મારી નહીં થાય તો તને કોઈની થવા નહીં દઉ અને એક દિવસ તને પતાવી દઈશ' જેથી હેમા ખુબ ગભરાયેલી રહેતી હતી. દરમિયાન તા.૧૫ એપ્રિલ ૨૦૨૨ના રોજ દિવસે હેમા એક્ટિવા લઈને જઈ રહી હતી ત્યારે કલોલ શહેરના નવજીવન મિલ કમ્પાઉન્ડમાં આવેલા જોગણી માતાના મંદિર વાળી ગલીમાં હેમાને આરોપી ભાવેશે આંતરી હતી અને એકાએક ખંજરના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી તેનું મોત નિપજાવ્યા બાદ નાસી ગયો હતો.

ફરિયાદના આધારે કલોલ પોલીસે આરોપી ભાવેશ કેશવાણી સામે ગુનો દાખલ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી તેનો કેસ કલોલના એડિશનલ સેશન્સ જજ એ.એ. નાણાવટીની કોર્ટમાં ચાલ્યો હતો. ત્યારે ફરિયાદી પક્ષે સરકારી વકીલ આર.એલ.પટેલે દલીલો કરી હતી કે સમાજમાં દાખલો બેસે તે હેતુસર આવા ક્રુર અને ઘાતકી માનસ ધરાવતા આરોપીને સખતમાં સખત અને વધુમાં વધુ સજા થવી જોઈએ. તે ઉપરાંત ફરિયાદી તબીબ તેમજ જુબાની ઉપરાંત પુરાવાના આધારે કોર્ટે આરોપી ભાવેશ ધરમશી કેશવાનીને આજીવન કેદની સજા ફટકારી હતી. તેમજ રૂપિયા પાંચ હજારનો દંડ, દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા તે ઉપરાંત અન્ય કલમ હેઠળ એક વર્ષની સાદી કેદ અને એક હજારનો દંડ, તે ન ભરે તો વધુ ત્રણ માસની કેદની સજાનો હુકમ કર્યો હતો.

**એક્ટિવા પર જતી યુવતિને રસ્તામાં આંતરી ખંજરના ઘા ઝીંક્યા હતાં, કલોલ સેશન્સ કોર્ટનો ચુકાદો**

# ઉત્તર ગુજરાત



**મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર**

# ટ્રેન ધીમી પડતા દરવાજે ઊભેલા યાત્રીઓના મોબાઈલની તફડંચી

**પાલનપુર,**
પાલનપુરના બંને છેડે એટલે કે અમદાવાદ તરફ અને રાજસ્થાન તરફના બંને રેલવે ટ્રેક પર જ્યાં ટ્રેન ધીમી પડે છે ત્યાં દરવાજા પાસે મુસાફરોની લાકડી કે પથ્થર મારી મોબાઈલ ઝૂંટવી લેવાય છે. રેલવે પોલીસના ચોપડે ૧૬ મહિનામાં ૬૦થી વધુ મોબાઈલની તફડંચી થઈ હોવાનું સામે આવ્યું છે.

આ મોબાઈલ તફડંચીમાં યુવાનોની સાથે સાથે કેટલાક ૧૦થી ૧૪ વર્ષના બાવરી ડેરા વિસ્તારના અને રામલીલા મેદાનના કિશોરોની સંડોવણી પણ સામે આવતા રેલવે પોલીસ ચોંકી ઉઠી છે. રેલવે પોલીસના સૂત્રોએ જણાવ્યું કે ટ્રેક ઉપર મોબાઈલ તફડાવતાં ગુનાના પગલે પાછલા બે વર્ષમાં સૌથી વધુ તફડંચી થઈ છે તેવા આરટીઓ બ્રિજ નીચે, માનસરોવર બ્રિજ નીચે, લક્ષ્મીપુરા ફાટક પાસે જ્યા ટ્રેનો ધીમી પડે છે ત્યાં હવે પોલીસ લાકડી સાથે એક એક પોલીસ કર્મીનો કાયમી પોઈન્ટ આપી દેવાયો છે. અહીંની સ્થાનિક ઝુપડપટ્ટીમાં રહેતા કેટલાક ૧૦ થી ૧૪ વર્ષના કિશોરો અહીંથી પસાર થતી ટ્રેનના દરવાજા પાસે ઉભેલા મુસાફરના હાથ ઉપર ડંડો કે પથ્થર મારી મોબાઈલની તફડંચી કરવા માટે પંકાયેલા છે.

**પાલનપુર રેલવે ટ્રેક પર દોઢ વર્ષમાં ૬૦ મોબાઈલ ઝૂંટવાયા**

# કુડાસણના શ્રીફળ હાઈટ્સ ફલેટ ખાતે મતદાન જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

**ગાંધીનગર,**
ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કુડાસણ વિસ્તારમાં આવેલી શ્રીફળ હાઈટ્સ ફ્લેટ ખાતે મતદાન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકસભાની સામાન્ય ચૂંટણીનું મતદાન તા.૭મી મેના રોજ યોજાનાર છે. મતદાન સવારના ૭ થી સાંજના ૬ કલાક દરમ્યાન યોજાનાર છે. લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન વધુમાં વધુ થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ કાર્યક્રમનું સુચારું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત મ્યુનિ. કમિશનર જે.એન.વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રીફળ હાઈટ્સ ફલેટ ખાતે મતદાન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ જણાવ્યું હતું કે, મતદાન મથકો ખાતે ગરમીને ધ્યાનમાં રાખીને મતદારોનો છાંયડા માટે મંડપ, પીવાના પાણી સાથે છાશ, ઓ.આર.એસ જેવા એનર્જી પીણાની પણ સુવિધા કરવામાં આવી છે. તેમણે સર્વે મતદારોને તા.૭મીના દિવસે દશ મિનિટ દેશ માટે અવશ્ય આપી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અપીલ પણ કરી હતી. આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત સર્વે નાગરિકોને અવશ્ય મતદાન કરીશ. ના શપથ લેવડાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ મ્યુનિ. કમિશનર જે.એમ. ભોરણિયા અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી.

**તમામને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા કલેકટરે અપીલ કરી**

**સ્વચ્છ ભારત મિશન અંતર્ગત**

# જિલ્લાના દરેક ગામમાંથી ડોર-ટુ-ડોર કચરો લેવામાં આવશે

**ગાંધીનગર,**
રાજયની દરેક ગ્રામ પંચાયતના જાહેર માર્ગો પર તેમજ વિવિધ સ્થળો પૈકી ગ્રામ પંચાયતના બહારના ભાગમાં, બે ગામને જોડતા એપ્રોચ રોડ, રાજય કે રાષ્ટ્રીય હાઈવે ગામમાં આવે ગામની બહારના ખુલ્લા સ્થળ વગેરે જગ્યા પર કચરો એકઠો થતો હોય છે ત્યારે અહીં એકઠો થયેલ કચરાનું કલેકશન કરીને તેને નજીકની નગરપાલિકાના પ્રોસેસીંગ યુનિટ તેમજ ડમ્પીંગ સાઈટ પર લઈ જવામાં આવશે. ગામોની સ્વચ્છતા અંગે સમગ્ર મુદ્દે જિલ્લા પંચાયત કક્ષાએ અગાઉ નિર્ણય લેવામાં આવી ગયો છે. જેમાં ચૂંટણી પુરી થતા આચારસંહિતા હટતા જ તંત્ર આ દિશામાં કામગીરી માટે આગળ વધશે. જેને પગલે ગ્રામ પંચાયતોના કચરાના નિકાલ કયાં કરવો તેની મુંઝવણ દૂર થવાની સાથે ગામના માર્ગોની આસપાસ કચરો ઓછો થાય તે માટે સમગ્ર આયોજન કરવામાં આવેલ છે ત્યારે ડોર ટુ ડોર કચરો લઈ એજન્સીઓને જ કામગીરી સોંપવાનું આયોજન કરાયું છે.

ગાંધીનગર જિલ્લાની ૭૩ જેટલી ગ્રામ પંચાયતમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અન્વયે ડોર-ટુ-ડોર ઘન કચરો લેવામાં આવે છે. ત્યારે આગામી દિવસોમાં જિલ્લાના બાકી રહેતા ગામોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે ત્યારે ઘરે ઘરે કચરાનો યોગ્ય નિકાલ થવા છતા ગામના માર્ગો પર ઘણીવાર કચરાના ઢગ ખડકાયા જોવા મળે છે. જેમાં કેટલીક ગ્રામ પંચાયત દ્વારા સફાઈ કરીને કચરો એકઠો તો કરી દેવાય છે પરંતુ તેનો યોગ્ય નિકાલ ક્યાં કરવો તે સવાલ ઉભો થાય છે જેથી ગ્રામ્ય વિસ્તારમાં માર્ગો પર એકઠો થયેલ કચરો પણ કચરો લઈ જતી એજન્સીને લઈ જાય તે માટે સુંદર આયોજન કરાયું છે.

# કલોલમાં ભંગારના ગોડાઉનમાં આગ ભભૂકી ઉઠતાં અફરા-તફરી મચી ગઈ

**ગાંધીનગર,**
કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોડાઉનના બાજુમાં ફર્નિચરની દુકાન પણ આગની લપેટમાં આવી ગઈ હતી તેના કારણે આકાશમાં ઉંચે સુધી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા ફેલાયા હતા. કલોલ ફાયરબ્રિગેડના લાશ્કરોએ ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. ત્યારે લોકોએ રાહત અનુભવી હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

કલોલના પૂર્વ વિસ્તારમાં ધમાસણા રોડ ઉપર આવેલા ભંગારના ગોડાઉનમાં આગ લાગી હતી. આગ એટલી ઝડપથી પ્રસરવા લાગી હતી કે ગોડાઉનની બાજુમાં આવેલી ફર્નિચર નામની દુકાન પણ આગની લપેટમાં આવી ગઈ હતી જોતજોતામાં ભીષણ આગ ભભૂકી ઉઠતા ભંગારના ગોડાઉન સાથે ફર્નિચરની દુકાન પણ સળગવા લાગી હતી. તેમાં દુકાનનો માલસામાન બળીને ખાક થઈ ગયો હતો તેમજ આગની જ્વાળાઓ ગોડાઉનમાં ફરી વળતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે ધુમાડાના ગોટેગોટાથી આકાશ છવાઈ ગયું હતું અને દૂર દૂર સુધી ધુમાડા દેખાયા હતા. તેના કારણે શહેરમાં કંઈક અજુગતી ઘટના બની હોય તેવી ચર્ચા ઉઠી હતી.

બનાવની જાણ થતાં કલોલ પાલિકા, ઈફકો તેમજ ઓએનજીસી ફાયરબ્રિગેડની ટીમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સતત ચાર કલાક સુધી લાખો લીટર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. તે પછી લોકોએ રાહત અનુભવી હતી. ઘટનાસ્થળે ટોળા એકત્ર થતાં પોલીસને બંદોબસ્ત જાળવવો પડયો હતો.

**ફાયરબ્રિગેડે ચાર કલાક પાણીનો મારો ચલાવી કાબૂ મેળવ્યો**

# શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર શિલાન્યાસ મહોત્સવની પરમ ઉમંગોલ્લાસભેર ઉજવણી કરાઈ

**(પ્રતિનિધિ) ગોધરા,**
પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકામાં વાઘજીપુર ગામ છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા તથા શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય વિશ્વવાત્સલ્યમહોદધિ શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પરમ પ્રેરણાથી પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલ આદર્શ વાઘજીપુર ગામમાં નૂતન શિખરબંધ મંદિરનો શિલાન્યાસ સમારોહ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૧૦, તા. ૦૩-૦૫-૨૦૨૪ને શુક્રવારે ભકિતભાવ પૂર્વક પરમ ઉમંગોલ્લાસભેર ઉજવણી કરવામાં આવ્યો.

મંદિર એટલે સંસ્કારધામ માણસ - માણસ બને છે સંસ્કારથી, માણસ શોભે છે સંસ્કારથી. સંસ્કારનો અર્થ છે શુદ્ધિ. ભારતીય ઋષિઓ શુદ્ધિના ત્રણ પ્રકાર વર્ણવે છે. ૧. દૈહિક શુદ્ધિ ૨. માનસિક શુદ્ધિ અને ૩. આત્મશુદ્ધિ. મંદિર આ ત્રિવિધ શુદ્ધિથી માનવને સુસંસ્કૃત બનાવે છે. પ્રથમ શુદ્ધિ છે દૈહિક શુદ્ધિ. મંદિરમાં પ્રવેશનાર સૌ કોઈ માટે આ શુદ્ધિનો અત્યંત આગ્રહ સેવાયો છે.



(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

બ્રહ્માંડમાં પાંચ પ્રાથમિક તત્વો છે. ભૂમિ-પૃથ્વી, વાયુ-વાયુ, જલ-પાણી, અગ્નિ-અગ્નિ અને આકાશ-અવકાશ. માનવ જીવન સાથે આ તત્વોનું સંતુલન જીવનની ગુણવત્તા સુધારી શકે છે. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સાર્વભૌમ નાદવંશીય ગુરુપરંપરાના આશીર્વાદ સાથે નૂતન મંદિરની શરૂઆત કરવી શુભ છે. તે સ્થળ પર હકારાત્મકતાની ભાવના લાવે છે.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં સંતમંડળ તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર નૂતન શિખરબંધ મંદિરનું ભૂમિપૂજન ભકિતભાવ પૂર્વક કરવામાં આવ્યું. ભૂમિપૂજન વિધિ વિસ્તાર સાથે જોડાયેલી કોઈપણ નકારાત્મકતાને દૂર કરે છે. ભૂમિપૂજન પૂર્ણ થયા પછી શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો.

# પેથાપુરનાં ૧૦૩ વર્ષનાં ચંચળબાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો

**ગાંધીનગર,**
લોકશાહીના અવસરમાં ઘરે બેઠા મતદાન કરીને પેથાપુરના વાકોલ ત્રણ જોડિયા વિસ્તારમાં રહેતા ૧૦૩ વર્ષના ચંચળબા કેશવસિંહ ડાભી સહભાગી થયા છે. એક વોટની કિંમત કરતું જિલ્લા ચૂંટણી તંત્ર શતાયુ ઉંમરના ચંચળબાને વોટીંગ કરાવવા માટે તેમના ઘરે પહોંચ્યું હતું. આ વેળાએ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઘરે બેસીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકાય તે કલ્પના કરવી પણ અશક્ય લાગે.. પરંતુ લોકશાહીને મજબુત બનાવવા માટે એક વોટની કિંમત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી છે. જેની ફલશ્રુતિરૂપે આજે ઘરે બેસીને મતદાન કરવાની સુવિધા ૮૫ વર્ષ કે તેથી મોટા વડીલો અને દિવ્યાંગોને મળી રહી છે.

ઘરે બેસીને પેથાપુર ગામના ૧૦૩ વર્ષીય ચંચળબા કેશવસિંહ ડાભીએ અમૂલ્ય મતનું દાન કર્યું છે. હજુ પણ હાલતા-ચાલતા અને પ્રપૌત્ર-પૌત્રીને રમાડતા ચંચળબાના મુખ પર વોટ કર્યાનો અનેરો આનંદ જોવા મળતો હતો તેમણે આગવી શૈલીમાં જણાવ્યું હતું કે, ભઈલા, પહેલા તો મતદાન કરાવવા માટે વાહન લઈ જતું હતું. મતદાન કરી દઈએ પછી જાતે પાછા આવવું પડતું હતું. જેથી ક્યારેક મતદાન કરવા ગાડી લેવા આવે તો પણ ન જવાની ઈચ્છા થતી, જેના કારણે મારા જેવી અનેક મહિલાઓ મતદાન કરવા જતી ન હતી. પરંતુ આ કામ ચૂંટણી પંચે સારું કર્યું છે, જેથી હું આરામથી મારા ઘરે બેસીને મારા મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકી છું.

**ગાંધીનગર જિલ્લા ચૂંટણી તંત્ર ચંચળબાનો વોટ લેવા તેમના ઘરે પહોંચ્યું**

# અડાલજ જગન્નાથ મંદિરે સર્વ દેવતા યજ્ઞમાં વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર : અડાલજમાં આવેલા જગન્નાથ મંદિર ખાતે સર્વ દેવતા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સમગ્ર સંકલન નિવૃત આઈએએસ અધિકારી એસ.કે. નંદા અને બીબીએ કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાન્તપૃષ્ટીના માર્ગદર્શન હેઠળ ડો. આશિષ ભૂવા, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચૂંટણીપ્રક્રિયા સાથે સંકળાયેલા ૮૬૦૦ કર્મયોગીઓએ PBથી મતદાન કર્યું

**ગાંધીનગર,**
લોકસભા સામાન્ય ચૂંટણી ન્યાયિક રીતે, શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે સતત કાર્યનિષ્ઠ રહેનાર અધિકારી- કર્મયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ પોસ્ટલ બેલેટ થકી કરતા હોય છે. ગાંધીનગર સંસદીય મતદાર વિસ્તારની ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા ૮૬૦૦થી વધુ કર્મયોગીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરીને લોકશાહીના અવસરમાં સહભાગી બન્યા હતા.

લોકશાહીના અવસરની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય તે માટે સતત ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સુચારુ રીતે યોજાય તે માટે અનેક કર્મયોગીઓ કાર્યરત છે. લોકસભા સામાન્ય ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતદાર વિભાગમાં પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો સહિત અન્ય સરકારી કર્મયોગીઓ પોતાની સેવા અદા કરનાર છે, તેવા સેવા મતદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે અને મતદાન કરી શકે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવામાં આવે છે, જેમાં ગાંધીનગર સંસદીય મત વિભાગમાં ચૂંટણી પ્રક્રિયામાં સેવા આપનાર કર્મયોગીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની પ્રક્રિયા અંતર્ગત ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ચૂંટણી પ્રક્રિયા સાથે જોડાયેલા સેવાકર્મીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ગાંધીનગર (ઉ)માં ૨૨૫૭, કલોલમાં ૧૧૫૯, સાણંદમાં ૧૪૨૬, ઘાટલોડિયામાં ૧૦૯૪, વેજલપુરમાં ૭૫૫, નારણપુરામાં ૧૧૫૫ અને સાબરમતીમાં ૮૫૭ મળી કુલ ૮૬૯૫ સેવા મતદારો દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવ્યું હતું.

**ગાંધીનગર પોલીસ ક્વાર્ટરમાં સુવિધા કેન્દ્ર ઉભું કરવામાં આવ્યું હતું**

# વહુએ જ ૧૦ લાખમાં સોપારી આપી સાસુ-સસરાની ઘાતકી હત્યા કરાવી

**હિંમતનગર,**
હિંમતનગરના રામનગરમાં નિવૃત્ત પોલીસકર્મી અને તેમની પત્નિના હત્યાકાંડમાં પરિવારજનો સામેલ હોવાની બાબતને સમર્થન આપતાં પોલીસ દ્વારા જાહેર કરાયું હતું કે સાસુ સસરા બંને પુત્રવધૂને ત્રાસ આપતાં હોવાથી પુત્રવધૂએ સગીર દીકરા સાથે મળી બંનેને પતાવી દેવા અવારનવાર ઘેર આવતા ૨૩ વર્ષીય હેત પટેલને કોન્ટ્રાકટ કિલર બનાવી અન્ય શખ્સ સાથે મંગળવારે બપોરે ઘેર લાવી સાસુ સસરાને પતાવી દીધા હોવાની પુત્રવધૂએ કબૂલાત કરી દીધા બાદ પોલીસની ત્રણ ટીમોએ ૮૩.૮૫ લાખના દાગીના અને રૂ.૩૦.૩૦ લાખ રોકડા રિકવર કરી કુલ ચાર જણાંની અટકાયત કરી હતી.

મહિલા પીઆઈ બી.પી. ડોડીયાએ મિત્તલકુમારીની પૂછપરછ કરતાં ભાગી પડયા હતા અને કબૂલાત કરી હતી કે તેમના સસરા વિક્રમસિંહ ભાટી તથા સાસુ મનહર કુંવરબા તેમને અને તેમના દીકરાને ત્રાસ આપતાં હોય અને ઝઘડો કરતા હોય પોતે તથા પોતાના સગીર દીકરાએ મળીને બંનેને મારી નાખવાનું નકકી કર્યું હતું.

**હિંમતનગરમાં નિવૃત્ત પોલીસકર્મી-પત્નિની હત્યાનો ભેદ ઉકેલાયો**

# પાટણ પાલિકાને એડવાન્સ વેરા પેટે નોંધપાત્ર આવક

**૩૦ જુલાઈ સુધી વેરો ભરનારને ૧૦ ટકા વળતર અપાશે**

**પાટણ,**
પાટણ નગરપાલીકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના એડવાન્સ વેરા સ્વીકારવાની તા.૧૧ એપ્રિલથી શરૂ થયેલ કામગીરી દરમિયાન ૩૦, એપ્રિલ સુધીમાં એટલે કે ૨૦ દિવસમાં કુલ ૫૦૯ લાખની એડવાન્સ રકમ વેરા વસુલાત પેટે વેરા શાખાને પ્રાપ્ત થઈ હોવાની સાથે કુલ ૮૬ હજાર ઉપરાંત મિલકત ધારકો પૈકી ૧૭૩૭૨ મિલકત ધારકોએ અત્યાર સુધીમાં વર્ષ ૨૦૨૪-૨૫નો એડવાન્સ વેરા ભરપાઈ કરવાનો લાભ લીધો હોય જેના કારણે અત્યાર સુધીમાં ૨૦ ટકા મિલકત ધારકોના એડવાન્સ વેરા જમા થયા હોવાની સાથે એડવાન્સ વેરો ભરપાઈ કરનાર મિલકત ધારકોને ૧૦ ટકા વળતર મિલકત વેરામાં આપવામાં આવ્યું છે. આ વળતર સ્કીમ તા.૩૦, જુલાઈ સુધી ચાલુ રહેનાર હોય બાકી મિલકત ધારોકને પોતાના વેરાની રકમ સમયસર ભરપાઈ કરવા પાટણ નગરપાલિકાના ચિફ ઓફિસર નીતિનભાઈ બોડાતે અપીલ કરી છે.

# પાલનપુરમાં બાયો મેડિકલ વેસ્ટ સળગાવાતા રોગચાળાની ભીતિ

**પાલિકા દ્વારા કાર્યવાહી કરવા સ્થાનિકોની માંગ**

**પાલનપુર,**
પાલનપુર શહેરના કીર્તિ સ્તંભ વિસ્તારમાં વહેલી સવારે બાયો મેડિકલ વેસ્ટનો મોટો ઢગલો સફાઈ કામદારો સાફ કરી રહ્યા છે, કેટલાક દવાખાનાઓમાંથી હોસ્પિટલોમાંથી મોડી રાત્રી દરમિયાન આ મેડીકલ વેસ્ટનો કચરો નાખવામાં આવે છે. જાહેરમાં કચરો નાખવો પ્રતિબંધિત હોવા છતાં બે જવાબદાર થઈને આ લોકો કચરો નાંખી રહ્યા છે.

પાલનપુરથી ૧૦ કિલોમીટરના અંતરે બાયો મેડિકલ વેસ્ટનો નાશ કરવા માટેનું સેન્ટર છે. બાયો મેડિકલ વેસ્ટ લેવા માટે હોસ્પિટલના તબીબો દ્વારા રૂપિયાની બચત કરીને બારોબાર કચરો ત્યાં નાખી કેટલાક વ્યકિતઓ દ્વારા સફાઈ કરાવીને કચરો ત્યાં જ બાળી નાખવામાં આવે છે રોજ સવારના સાતથી આઠ કલાકે આ કચરો જાહેરમાં બાળી નાખવામાં આવે છે. આ પ્રવૃત્તિને રોકવામાં નહી આવે તો રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. પાલનપુર નગરપાલિકા ચીફ ઓફિસર પાલનપુર નગરપાલિકાના પ્રમુખ આ બાબતે ગંભીરતા દાખવીને વહેલી તકે આ સમસ્યા સામે કાર્યવાહી કરે તેવી માંગ છે.

# પાલનપુર અને ડીસામાંથી કોંગ્રેસનાં ઉમેદવારનાં બેનર્સ હટાવાતાં રજૂઆત

**પાલનપુર,**
બનાસકાંઠા લોકસભા બેઠકના કોગ્રેસના ઉમેદવારના સમર્થનમાં પાલનપુર અને ડીસામાં કોહોડીગ્સ લગાવવામાં આવ્યા હતા. જે રાતોરાત ગાયબ થઈ જતા આ બાબતે કોગ્રેસ પક્ષના સભ્યો દ્વારા ચુંટણી વિભાગને રજુઆત કરવામાં આવી હતી.

બનાસકાંઠા જીલ્લામાં લોકસભાની ચુંટણીને લઈને ઉમેદવારો દ્વારા ચુંટણી પ્રચાર તેજ બનાવવામાં આવી રહયો છે ત્યારે કોગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરના પાલનપુર તેમજ ડીસામાં પ્રચારના હોડીગ્સ લગાવવામાં આવ્યા હતા. જે બેનરો રાતોરાત ગાયબ થઈ જતા આ અંગે પાલનપુર નગરપાલિકાના નગરસેવીકા આશાબેન રાવલ, કોગ્રેસ આગેવાન લક્ષ્મીબેન કરેણ સહીતી અન્ય સભ્યયો સાથે મળી ચુંટણી વિભાગને રજુઆત કરી હતી. જેથી આ બાબતે ચુંટણી વિભાગ દ્વારા તપાસ કરવા અંગે ખાતરી આપી હતી.

# ડીસામાં ફુવારા સર્કલ પાસે હિન્દુ યુવા સંગઠન ભારત દ્વારા ઠંડા પાણીની પરબ ખુલ્લી મુકાઈ

**ડીસા,**
ઉનાળામાં બનાસકાંઠાના ડીસામાં સૌથી વધુ ગરમીનો અહેસાસ થાય છે અને રોજબરોજ આજુબાજુના ગામડાઓમાંથી ખરીદી માટે આવતા લોકોને ગરમીથી રાહત મળી રહે અને તરસ છીપાઈ શકાય તે માટે હિન્દુ યુવા સંગઠન ભારત દ્વારા ઠંડા પાણીની પરબ મુકવામાં આવી હતી.

હિન્દુ યુવા સંગઠન ભારત દ્વારા અવારનવાર સેવાકીય કામગીરી કરવામાં આવે છે જેમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને પીવાનું ઠંડુ પાણી મળી રહે તે માટે મીનરલ વોટર પરબ ખુલ્લી મુકાઈ હતી. બનાસકાંઠામાં કાળજાળ ગરમીથી લોકોને રાહત મળે તે માટે હિન્દુ યુવા સંગઠન ભારત બનાસકાંઠા ડીસા શહેર દ્વારા ડીસા ફુવારા શિવાજી સર્કલ પાસે મિનરલ ઠંડા પાણીની પરબ ખુલ્લી મુકવામાં આવી હતી. જેમાં સંગઠનના અધ્યક્ષ મનોજસિંગ ઠાકોર, હિતેષસિંહ રાજપૂત, ગોલ્ડનભાઈ ઠક્કર, કુલદીપભાઈ પરમાર, ખેતાભાઈ ચૌધરી, કલ્પેશભાઈ ગોસ્વામી, સુરસિંહ રાજપૂત, દીપકસિંહ રાજપૂત, ભરતભાઈ માળી, કરશનભાઈ માળી સહિત હિન્દુ યુવા સંગઠન ભારતના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગાંધીનગરના દિવ્યાંગોને મતદાન માટે તકલીફ નહીં પડેઃ તંત્ર સજ્જ

**ગાંધીનગર,**
ગાંધીનગર જીલ્લામાં સમાવિષ્ટ પાંચેય વિધાનસભા મતદાર વિભાગમાં વરીષ્ઠ નાગરીકો અને દિવ્યાંગો પણ સરળતાથી પોતા મતાધિકારનો ઉપયોગ કરે તે માટે સુચારું આયોજન જીલ્લા ચુંટણી અધિકારી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ ગોઠવવામાં આવ્યું છે. જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકોમાં ૧૧ હજાર કરતાં વધુ દિવ્યાંગો માટે સુચારું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪નું મતદાન તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનાર છે. મતદાન કરવાનો સમય સવારના ૭ કલાકથી સાંજના ૬ કલાક નિયત કરવામાં આવ્યો છે. આ સમયે તમામ મતદારો પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ સરળતા કરી શકે તે માટે પીવાના પાણી, મંડપ અને વાહનપાર્કીંગ જેવી પ્રાથમીક સુવિધાઓ તમામ મતદાન મથકો ખાતે આપવામાં આવનાર છે.

તેની સાથે ગાંધીનગર જીલ્લામાં સમાવીષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં કુલ ૧૧, ૪૭૫ દિવ્યાંગ મતદારોનો સમાવેશ થાય છે. આ દિવ્યાંગ મતદારો પોતાના મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે ગાંધીનગર જીલ્લા ચુંટણી તંત્ર સજ્જ થયું છે. જેમાં મતદાન મથકો માટે ૬૭૦ વ્હીલચેર તથા રેમ્પ, ૧૦૨૪ સહાયકો, મુક બધીર દીવ્યાંગ મતદારો માટે ૫ સાઈન લેંગ્વેજ શિક્ષકો ફાળવવામાં આવ્યા છે. દિવ્યાંગ મતદારોને મતદાન કરવા બાબતે કોઈ પણ મુશ્કેલી ન પડે તે માટે હેલ્પ લાઈન ટોલફ્રી નંબર ૧૯૫૦ જાહેર કરેલ છે.

# શંકર ચૌધરીની જાહેરાત : થરાદમાં વધુ મતદાન નોંધાય તે ગામને રોકડ ઈનામ મળશે

**પાલનપુર,**
ગુજરાત વિધાનસભા અધ્યક્ષ અને થરાદના ધારાસભ્ય શંકર ચૌધરીએ ચુંટણી પ્રચાર દરમ્યાન ગેળા ગામેથી વધુ મતદાન કરવા લોકોને અપીલ કરી હતી. સંવાદ કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષે આચારસંહીતા વચ્ચે વધુ મતદાન કરનાર ગામને લાખોનું ઈનામ મળશે તેવું નિવેદન કર્યું હતું. થરાદ શંકર ચૌધરીનો વિધાનસભા મત વિસ્તાર છે. જે બનાસકાંઠા લોકસભામાં સમાવીષ્ટ છે. ભાજપના ઉમેદવાર રેખા ચૌધરીને વધુ મતોની લીડ થરાદ સહીતના વિસ્તારોમાંથી મળે તેમ છે. થરાદમાં વધુ સરસાઈ મળે તેની જવાબદારી શંકર ચૌધરીએ લીધી છે. તો દરમ્યાન તેમણે આવી જાહેરાત કરી છે.

તેમણે જાહેરાત કરતા કહયું કે મતદાનમાં પ્રથમ આવનાર ગામનો વિકાસનો કામ માટે રૂ.૨૫ લાખ આપવામાં આવશે. બીજા નંબરે આવનારને ૨૦ લાખ ત્રીજા નંબરે ૧૫ લાખ ચોથા નંબરે ૧૦ લાખ પાંચથી સાતમા નંબરે આવનાર ગામને ૫-૫ લાખ ઈનામ આપવામાં આવશે. તંત્ર દ્વારા વધુ પ્રમાણમાં મતદાન થાય તે માટે વિવિધ કાર્યક્રમો યોજી મતદારોને વધુ મતદાન કરવા અપીલ કરાઈ રહી છે.

**વેસ્ટર્ન ટાઇમ્સ** ના વાચકો જોગ

**અનોખી ભેટ યોજના**

શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માંગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફત મેળવો.

આજનો લકી નંબર **૪૫૯ ૨૬૭**

નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

# ગામે ગામના સમાચાર

## ડીસાના નવા બસસ્ટેન્ડ વિસ્તારમાં આખલાના આતંકથી અફડાતફડી

**ડીસા,**
ડીસામાં ચૂંટણીના માહોલ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જાહેર સભા યોજાવાની છે તે અગાઉ જ નવા બસસ્ટેશન વિસ્તારમાં આખલાએ આતંક મચાવતા બે રાહદારીઓને અફડેટે લેતા લોકોના જીવ તાળવે ચોંટે હતા. પાલીકા દ્વારા ઢોર પકડવા કોન્ટ્રાકટરની ટીમને મોકલવામાં આવતા એક કલાકની મહેનત બાદ આખલાને પકડી બાંધી દેવાયો હતો.

ડીસા શહેરમાં રખડતા ઢોરોનો ત્રાસ યથાવત રહયો છે. ત્યારે ચૂંટણીના માહોલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવવાના હોઈ સમગ્ર તંત્ર એલર્ટ છે. ઠેરઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલો છે ત્યારે આવા માહોલમાં ડીસાના નવા બસસ્ટેશન વિસ્તારમાં એક આખલો બેકાબુ બનતા આતંક મચાવ્યો હતો. આખલાએ બે રાહદારીઓને અફડેટે લેતા તેમજ અનેક વાહનો પાડી દેતા લોકોના જીવ તાળવે ચોંટયા હતા. અને ભયનો માહોલ સર્જાયો હતો.

આ અંગે ડીસા નગરપાલિકાના ઢોર ડબ્બાના કોન્ટ્રાકટર કે.કે. દેસાઈ સહીત પશુ પકડતી ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને એક કલાકની મહેનત બાદ આખલાને પકડીને બાંધી દેવાતા સ્થાનીકોએ રાહતનો શ્વાસ લીધો હતો. શહેરમાં વારંવાર રખડતા પશુઓના ત્રાસને લઈ તંત્ર સામે શહેરીજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહયો છે.

## સુરેન્દ્રનગરમાં કાળા પથ્થર-ખનીજ ચોરીનું ૨૮૦ કરોડનું કૌભાંડઃ ભરત વાળા ઝડપાયો

**અમદાવાદ,**
સુરેન્દ્રનગર જીલ્લાના સાયલામાં વર્ષોથી જમીન અને ખનની અને કાળા પથ્થર બ્લેક ટ્રેપ નું ખનન અને ચોરી ચાલી રહી હોવાની બાબત સરકારના ધ્યાન પર આવતા તપાસના આદેશ અપાયા હતા. જેમાં રૂપિયા ૨૮૦ કરોડનું ખનન થયું હોવાની ફરીયાદ નોંધાઈ હતી. આ પ્રકરણ સ્થાનિક પોલીસે ફરીયાદ નોંધીને તપાસ શરૂ કરી હતી. જોકે પોલીસ ખનન માફિયા સામે ઢીલી પડતી હોવાથી આ તપાસ સ્ટેટ મોનીટરીંગ સેલને સોંપવામાં આવી હતી આ પ્રકરણમાં રીઢા ગુનેગારો ભરત વાળાને સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સાયલામાંથી જ ઝડપી લીધો છે.

ખનીજ ખનન ઉપરાંત એક્સપ્લોઝીવ એક્ટ અને હથીયાર સાથે લુંટના સંખ્યાબંધ ગુનામાં ભરત વાળા વોન્ટેડ હતો. સુરેન્દ્રનગરમાં જમીન માફીયાઓ, ખનન માફીયાઓનો આતંક વર્ષોથી વધતો રહયો છે. ખનન માફીયા સરકારી જમીનમાંથી કાળા પથ્થર બ્લેક ટ્રેપ ખોદતા હતા. આ માફીયા ૨૮૦ કરોડ રૂપિયાનું ખનન કરી ગયા બાદ સરકાર તેમની વિરૂધ્ધ ફરીયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં મુખ્ય સાગરીત ભરત સાદુલભાઈ વાળા રહે. સુદામડા સાયલા-સુરેન્દ્રનગર સાત મહીનાથી પોલીસને હાથતાળી આપીને ભાગતો ફરતો હતો.

આ પ્રકરણની તપાસ આખરે સ્ટેટ મોનીટરીંગ સેલને સોંપવામાં આવી હતી. સ્ટેટ મોનીટરીંગ સેલના કે.ટી. કામરીયાએ બાતમીદારોને એક્ટીવ કર્યા અને બાતમી મળી કે, ભરત વાળા સાયલા તાલુકાની ડોળીયા ચોકડી પાસે રીલાયન્સના પેટ્રોલપંપ પર આવ્યો છે. જેને પગલે પોલીસે તેને ઝડપી લીધો હતો.

## ગોધાવી, ગરોડિયા, મણિપુરની જમીનો સ્પોર્ટસ ઝોનમાં સંપાદિત કરવા મામલે ખેડૂતોનો વિરોધ

**સાણંદ,**
રાજય સરકાર દ્વારા યુથ ઓલમ્પિક ૨૦૨૯ અને ઓલમ્પિક ૨૦૩૬ના યજમાન તરીકે ગુજરાતમાં આયોજન કરવાનું નકકી કરાયું છે ત્યારે તે માટે ગોધાવી, મણિપુર અને ગરોડિયાને 'સ્પોર્ટસ સિટી સ્પેશિયલ ઝોન' જાહેર કરી દીધો છે. આ માટે સરકાર દ્વારા ખેડૂત ખાતેદારોની જમીન સંપાદિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે ગોધાવીના ખેડૂતોએ રેલી કાઢીને સુત્રોચ્ચાર સાથે સાણંદ પ્રાંત ડી.બી. ટાંકને આવેદનપત્ર પાઠવ્યું હુતં.

આવેદનમાં ખેડૂતોએ જણાવ્યું કે ગોધાવી ગામમાંથી પસાર થતા દિલ્હી-મુંબઈ રેલવે કોરીડોર, નર્મદા કેનાલમાં ખેડૂતોની હજારો વીઘા કિંમતી જમીનો મામૂલી ભાવે સંપાદન કરીને છીનવી લેવાઈ છે. ગોધાવી ગામની ૯૯૯ એકરની ગોચર જમીન જે અમારા પશુપાલકોના ચરિયાણ માટે હતી આ જમીન પણ સરકાર દ્વારા ગોચર પોલીસી-૨૦૧૫ને ધ્યાને લીધા વિના અન્ય ઉપયોગ માટે લઈ લેવાયું છે.

ગામના મોટાભાગના ખેડૂતો સીમાંત છે અને ખેતી પર પરિવારનું

### ત્રણેય ગામના ખેડૂતોએ રેલી યોજી સાણંદ પ્રાંતને આવેદનપત્ર આપ્યું

જીવન નિર્વાહ ચાલી રહ્યું છે ત્યારે હવે સ્પોર્ટસ સિટી સ્પેશિયલ ઝોન માટે લાખો એકર જમીન ઉપરાંત આ ગામમાંથી ૯૦ મીટરનો રિંગરોડ પસાર થઈ રહ્યો છે ત્યારે રીંગરોડ ઉપર સ્પોર્ટસ સિટી બનાવવા સહિત વિશ્વ સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવાની કવાયતમાં અમારા ગામના ખેડૂતોની મહામૂલી મોંઘી જમીનોનું સંપાદન થવાથી ખેડૂતોના જીવન નિર્વાહનો મોટો પ્રશ્ન ઉભો થશે. એક ટેમ્પરરી ઈવેન્ટ માટે કાયમી ધોરણે જમીનો સંપાદિત કરવી એ તર્કહીન હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું. ખેડૂતોએ એમ પણ જણાવ્યુ હતું કે આ જમીનો કાયમીધોરણે સંપાદન કરવાને બદલે લીઝ પર પણ લઈ શકાય તો ખેડૂતોનો જમીન પરનો માલિકી હક્ક કાયમી રહે તેમ છે. વળી લીઝ ટૂંકા ગાળા માટે હોવાથી ભવિષ્યમાં ખેડૂતોને જમીનો પરત મળવાપાત્ર થશે તેવા સંજોગોમાં આ જમીનો લીઝ પર લેવાય તેવી ખેડૂતોએ વિનંતી કરી છે.

ખેડૂતોએ એમ પણ જણાવ્યું હતું કે ત્રણેય ગામો ઔડા અને અમદાવાદ કોર્પોરેશનથી ખૂબ જ નજીક હોવાથી અહીની જમીનો કિંમતી છે. જો સરકાર દ્વારા વીસ લાખ મીટર જેટલી જમીનો સ્પોર્ટસ સિટીનો તુ માટે સંપાદન કરાય તો ખેડૂતોની કિંમતી જમીનો છીનવાઈ જાય તેમ છે. વળી અધિનિયમની જોગવાઈ મુજબ ખેડૂતોની જમીનો સંપાદન કરતા પહેલાં ૮૦ ટકા ખેડૂતોની સંમતી મેળવવી ફરજિયાત છે તેવા સંજોગોમાં ખેડૂતોની કોઈપણ જાતની લેખિત સંમતિ મેળવ્યા વિના જાહેર હેતુ માટે ફરજિયાત જમીન સંપાદન કરવી તે બંધારણની જોગવાઈ વિરૂદ્ધ હોવાથી અમો આજીવિકાના ભોગે આવી કિંમતી જમીનો આપવા સંમત નથી તેવી પણ રજુઆત કરી છે. છતાં પણ જો ખેડૂતોની જમીનો સંપાદન કરવાનું વિચારાશે તો ખેડૂતોએ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જવાની પણ તૈયારી દર્શાવી છે.

## નડિયાદ સંતરામ ડેરી પાસે સ્વીપ કાર્યક્રમ થકી ખેલૈયાઓ દ્વારા મતદાન જાગૃતિના ગરબા કરવામાં આવ્યા

**(પ્રતિનિધિ) નડિયાદ,**
લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અતંર્ગત સ્વીપ કાર્યક્રમના માધ્યમથી મતદાન જાગૃતિની સતત પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે આજ રોજ નડિયાદના સંતરામ દેરી પાસે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૧૦૦૦ થી વધુ ખેલૈયાઓએ મતદાન ગરબાના તાલે મન મૂકીને ઝૂમ્યા હતા. ગરબા ગાયકો દ્વારા ' ઉઠો સાથિયો સમય આ ગયા હે ફર્ઝ નિભાને કા, મતદાન હમારા પરમ ધર્મ હૈ, વોટ ડાલને ચલ ', 'દિલ મે હમારે અરમાન હૈ, આને વાલા મતદાન હૈ' અને ' લોકતંત્ર કે મહા પર્વ કો મિલ કે હમે મનના હૈ, વોટ ડાલને જાના હે 'જેવા ગરબાઓ દ્વારા ૦૭મે ના રોજ અચૂક મતદાન માટેની અપીલ કરી હતી.

જેમાં ખેડા જિલ્લાના શિક્ષકો,



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

આઈસીડીએસ અને સખી મંડળની બહેનો, યુવાનો અને શહેરીજનોએ ટ્રેડિશનલ વસ્ત્રોમાં ગરબામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ગરબે ઘૂમ્યા હતા. સાથે જ ઉપસ્થીત સૌએ અચૂક મતદાન કરવા માટે શપથ લીધા હતા.

આ પ્રસંગે શિક્ષણ અધિકારી કલ્પેશ રાવલ, નડિયાદ નગરપાલિકા ચીફ ઓફિસર રુદ્રેશ હુદડ, શાસન અધિકારી ધારાબેન ઠાકર, નડિયાદ સિટી મામલતદાર એજયુકેશન ઈન્સ્પેકટર અલ્પેશ પટેલ સહિત કર્મચારીઓ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

### સ્માર્ટ મીટર હટાવી જૂના મીટરો ફરી લગાવવાની માંગ

## ગોધરાMGVCL કચેરી ખાતે મહિલાઓનો હોબાળો

**(પ્રતિનિધિ) ગોધરા,**
ગુજરાત રાજયમાં એમ.જી.વી.સી.એલ ના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પંચમહાલના ગોધરા શહેરમાં ડિઝીટલ સ્માર્ટ વિજ મીટર લગાવવાની કાર્યવાહીનો પ્રારંભ કરાયો છે.ગોધરા શહેર સહિત અન્ય શહેરમાં અંદાઝે ૨૩ હજાર જેટલા મીટર લાગી ચૂક્યા છે.હાલ મીટરો લગાવાની કામગીરી ચાલુ છે.આ બધાની વચ્ચે ગોધરામા મહિલાઓને આ સ્માર્ટ મીટરને લઈને ભારે વિરોધ નોધાવ્યો હતો. ગોધરા શહેરમા જે સ્માર્ટ પ્રીપેડ મીટર લગાવામા આવ્યા છે. તેમા કેટલીક ક્ષતિઓ હોવાનુ પણ મહિલાઓએ એમજીવીસીએલ કચેરીએ જઈને આક્ષેપ કર્યો હતો.

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલા મધ્યગુજરાત વીજ કંપનીની વર્તુળ કચેરી ખાતે મહિલાઓએ એકત્ર થઈને હોબાળો મચાવ્યો હતો.એમજીવીસીએલ દ્વારા ગોધરા શહેરમાં સ્માર્ટ પ્રિપેઈડ મીટર લગાવવામાં આવ્યા છે અને અન્ય વિસ્તારોમાં પ્રિપેઈડ મીટર લગાવવાની કાર્યવાહી ચાલી રહી છે.ગોધરા નગરપાલિકામાં સફાઈ



(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

કામદાર તરીકે કામ કરતા મહિલા અને અન્ય ગ્રાહકોએ પ્રિપેઈડ મીટરનો વિરોધ નોધાવ્યો હતો તેમનુ કહેવુ છે કે નગર પાલિકા પાલિકા દ્વારા ૪ મહિના સુધી પગાર કરવામાં ન આવતા પ્રિપેઈડ મીટરમાં રિચાર્જ ન કરી શકતા લાઈટ બંધ થઈ જાય છે. રિચાર્જ કરવાના નાણાં ન હોય જૂના મીટર લગાવી આપવા કરી માંગ કરવામા આવી છે.એક બાજુ એમજીવીસીએલ તંત્રના અધિકારીઓ જણાવી રહ્યા છે કે ભારત સરકાર ની ગાઈડલાઈન મુજબ પ્રિપેઈડ મીટર ઈન્સ્ટોલ કરવા ફરજિયાત છે, આ મીટર બાબતે ફેલાવવામાં આવતી તમામ માહિતી અફવા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બગસરા પંથકમાં મતદાન મથકને જાણો કાર્યક્રમ

બગસરાઃ બગસરા તાલુકાની ૪૨ પ્રાથમીક શાળામાં સમાવીષ્ટ તમામ ૭૪ બુથમાં તમારા મતદાન મથકને જાણો કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છ બુથ મતદાન મથક વિશે જાણકારી અને ચુનાવ પાઠશાળાનું આયોજન કરાયું હતું. વધુમાં વધુ મતદાન વધુ મતદાન કરવા તથા અન્ય પાંચ વ્યકિત ને મતદાન કરવાના શપથ લેવડાવ્યા. આગામી લોકસભાની ચુંટણીમાં વધુમાં વધુ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી પ્રફુલભાઈ સાવલીયા, તમામ આચાર્ય મતદાન મથકના બી.એલ.એ મતદારોને માર્ગદર્શન પુરુ પાડી મતદાન વિશે સમજ આપી હતી.

### બાંટવામાં ગંદકીના કારણે રોગચાળાની ભીતિ

બાંટવાઃબાંટવામાં ગંદકીના કારણે રોગચાળો વકરવાની ભીતિ છે. ગામમાં ખાઈવાળા ડેલામાં આવેલો કુવો મચ્છરનું ઉદભવ સ્થાન બન્યો છે. આ જ વિસ્તારમાં તાવના વધુ દર્દીઓ જોવા મળે છે. લોકો પણ આ કુવાની આસપાસ કચરો ફેકે છે. નગર સેવા સદન દ્વારા સફાઈ કામગીરી કે દવા છંટકાવ કરવામાં આવતો નથી. નગર સેવા સદનમા હાલ વહીવટદારનું શાસન છે. તમામ કામગીરી લગભગ ઠપ થઈ ગઈ છે. અગાઉ વિસ્તારનું પ્રતીનીધીત્વ કરતા હોય તેવા બે પ્રમુખ આવી ગયા પણ ધ્યાન આપતા ન હોવાથી લોકોને હાલાકી વધી છે. ફરીયાદ કે રજુઆતનું પણ કંઈ આવતું નથી.

### વેરાવળની સાયન્સ કોલેજનું શ્રેષ્ઠ પરિણામ

વેરાવળઃ સોમનાથ એજયુકેશનલ સોસાયટી સંચાલીત જે.એમ. સાયન્સ કોલેજ પી.જી. સેન્ટરના ટીવાય. બીએસ.સી.માઈક્રો અને કેમીસ્ટ્રીના વિધાર્થીઓનું સેમેસ્ટર ૫ નું પરીણામ ૧૦૦ ટકા આવ્યું છે. માઈક્રો બાયોલોજીની વિધાર્થીની કુ.ઠાકુર શોભા દિનેશકુમાર યુનિ.માં તૃતીય સ્થાને આવી છે. પ્રથમ વર્ષનું પરીણામ પણ સો ટકા આવ્યું છે. કુ.વધાવી હીરલ પ્રભુદાસભાઈ ૯૪ ટકા સાથે યુની.પ્રથમ આવતા એડમીનીસ્ટ્રેટર રાજેશભાઈ પુરોહીત, દેવભાઈ નાથાણી, ડી.સી.ભટ્ટ આચાર્ય કુંજભાઈ વગેરેએ અભિનંદન આપ્યા હતા.

### સુત્રાપાડાની ડો. ભરત બારડ ઈગ્લિશ મીડીયમ સ્કૂલમાં વાલી બેઠક

વેરાવળઃ સુત્રાપાડાની ડો.ભરત બારડ ઈગ્લીશ મીડીયમ પ્રાઈમરી સ્કુલમાં પૂર્વ મંત્રી અને સંસ્થાના આધસ્થાપક જશાભાઈ બારડના અધ્યક્ષસ્થાને વાલી બેઠક મળતા વિધાથીઓ ગ્રામજનો અને સંસ્થાના આચાર્યય રાજેશભાઈ પાઠક અને સ્ટાફ ગણ હાજર રહયા હતા. વિધાર્થીઓને શીલ્ડ તેમજ ઈનામો આપી પ્રોત્સાહીત કરાયા હતાં.પૂર્વ કેબીનેટ મંત્રી અને સંસ્થાના આધસ્થાપક જશાભાઈ બારડે વાલીઓ સાથે બાળકોના ભવીષ્ય અંગે ચર્ચા કરી હતી. સુત્રાપાડાના બાળકોને અભ્યાસઅર્થે બહાર ન જવું પડે અને આવનારા વર્ષોમાં અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૯ અને ૧૦ અને ઉચ્ચતર માધ્યમીક વિભાગ શરૂ કરાશે તેવી માહિતી અપાઈ હતી.

### પોરબંદર નજીક હોડીમાંથી પડી જતા માછીમારનું મૃત્યુ

પોરબંદરઃ સુત્રાપાડાના બંસીધર બંદરમાં રહેતા જયંતીલાલ હરજીભાઈ દમણીયા ઉ.વ.૪૩ માછીમારી માટે પીલાણા નાની હોડીમાં નીકળ્યા હતા. અને આ હોડી પોરબંદરથી ૧૦ નોટીકલ માઈલ દૂર દરીયામાં હતી ત્યારે હવામાન ખરાબ થવાને કારણે પીલાણાનું સંતુલન બગડી જતા જયંતીલાલ પાણીમાં પડી ગયા હતા અને ડૂબી જવાથી તેમનું મૃત્યુ નીપજયું હતું. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સરકારી ભાવસિંહજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. આગળની તપાસ હાર્બર મરીન પોલીસ ચલાવી રહી છે.

### કોડીનારમાં કારડીયા રાજપુત સમાજ સમુહ લગ્ન

કોડીનારઃ કોડીનાર તાલુકા ક્ષત્રીય કારડીયા રાજપુત સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં ૧૭૩ જેટલા યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા હતા. નવદંપતીઓને આશીર્વાદ આપવા રાજપુત સમાજ ૪૦,૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહયા હતા. બહોળી સંખ્યામાં લોકોની ઉપસ્થિતીમાં હોવા છતાં આયોજનબદ્ધ રીતે પાર્કીગ વ્યવસ્થા જમણવાર તેમજ મંડપની વ્યવસ્થા માટે કોડીનાર તાલુકા ક્ષત્રીય કારડીયા રાજપુત સમાજ સમુહ લગ્ન સમીતી તેમજ ગ્રામ્ય સમીતીના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

### પોરબંદરમાં બુટલેગર પાસામાં ધકેલાયો

**પોરબંદર,**
બોખીરાના રબારી કેડામાં રહેતા કમરણ ઉર્ફે ડાઘો રૈયાભાઈ કોડિયાતર નામના બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં ધકેલી દીધો હતો.

### સાવરકુંડલામાં પાણીના કુંડા, અવેડીનું વિતરણ

સાવરકુંડલાઃ સમર્પણ ગૌ સેવા સમીતી આઈ.સી.યુ.સેન્ટર સાવરકુંડલા દ્વારા દાતાઓના આર્થિક સહયોગથી પક્ષીઓ માટે પાણીના કુંડા તેમજ ગૌમાતા માટે પાણીની અવેડીનું વિના મૂલ્યે વિતરણ કરાયું. વાંકીયા આશ્રમના સંત હરીરાદનંદ ભારતી મહારાજ તથા નાના જીજુંડા મોમાઈ માતાજી મઢના સંત મસાપીર બહોળી સંખ્યામાં જીવદયાપ્રેમી ભાઈઓ તથા બહેનો હાજર હતા. ગાયો માટે ૨૮ પાણીની અવેડી તથા પક્ષીઓ માટે ૩૩૨ પાણીના કુંડાઓનું વિના મૂલ્યે વિતરણ કરાયું હતું. સંસ્થાના પ્રમુખ ખીરાદાદા કમલેશભાઈ રાનેરા, મનસુખભાઈ લાડવા, ભાવીકભાઈ મકીમ, ચિંતનભાઈ મકવાણા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## સગીરા ઉપર દુષ્કર્મ કરનાર નરાધમને ૨૦ વર્ષની કેદ

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જીલ્લાના વાગરા તાલુકાની ૧૨ વર્ષની સગીરા ગુમ થઈ હોય તપાસ દરમ્યાન વાતરસા ગામનો યુવક ભગાડી લઈ જઈ સગીરા સાથે અમદાવાદમાં દુષ્કર્મ કર્યુ હોવાના પ્રકરણમાં પોલીસે નરાધમની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો.જે કેસ નામદાર પોક્સો કોર્ટમાં ચાલી જતા તમામ પુરાવાને ધ્યાને રાખી આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

સમગ્ર બનાવની વિગત એવી હતી કે વાગરા ગામની ૧૨ વર્ષની સગીરાને આમોદ તાલુકાના વાતરસા ગામનો યુવક મનીષ જયંતી વસાવા ગત તારીખ ૦૮-૧૦-૨૦૧૯ ના રોજ લગ્નની લાલચ આપી સગીરાને પતાવી ફોસલાવી વાલી પણા માંથી ભગાડી ગયો હતો અને મનીષ વસાવા જયારે પણ સગીરાને મળતો ત્યારે કહેતો કે હું તારી સાથે લગ્ન કરીશ.એવું વારંવાર કહી સગીરાના ઘરના બધા સભ્યો બોડેલી ગયેલા ત્યારે મનીષ વસાવાએ સગીરાને કહેલ કે આપણે ભાગી જઈએ હું તારી સાથે લગ્ન કરીશ.તું જલ્દી સલાદરા આવી જા જેથી સગીરા બસમાં બેસી સલાદરા ગયેલ અને મનીષ તેણીને ત્યાંથી લઈ અમદાવાદ સંબંધીના ઘરે રાખી સગીરા ઉપર દુષ્કર્મ કરી મનીષ તેણીને પરત તેના ગામ મૂકી આવેલ અને આ બાબતે પોલીસે મનીષ ના કબ્જા માંથી સગીરાને છોડાવી તેની સામે અપહરણ,દુષ્કર્મ,પોકસો એકટ હેઠળ ગુનો દાખલ કરી મેડિકલ પરીક્ષણ કરાવી કાર્યવાહી કરી હતી.

સમગ્ર ગંભીર પ્રકારના ગુનાનો કેસ નામદાર પોક્સો કોર્ટના જજ સાહેબ ઈ એમ શેખની કોર્ટમાં ચાલી જતા સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ જી વી વ્યાસનાઓએ હાજર થઈ મેડિકલ રિપોર્ટ, સાહેદોના નિવેદનો,એફએસએલ રિપોર્ટ સહિતના આધાર પુરાવા રજુ કરી ધારદાર દલીલો કરતા નામદાર પોક્સો કોર્ટ દ્વારા તમામ પુરાવા સાક્ષીઓને ધ્યાને રાખી આરોપી મનીષ જયંતી વસાવાને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા,૧ લાખ રૂપિયાનો દંડ તેમજ ભોગ બનનાર સગીરાને ૪ લાખ રૂપિયાનું વળતર પેટે ચૂકવવાનો હુકમ કરતા લંપટીયાઓમાં ખળભરાટ મચી ગયો છે.

સોશ્યલ મીડિયાના જમાનામાં ઘણી વખત સગીરાઓ યુવકના પરિચયમાં આવતા યુવક ઉપર વિશ્વાસ હોય તેમ ભગાડી જતા હોય છે પરંતુ સગીરા જયાં સુધી ૧૮ વર્ષની ન થાય ત્યાં સુધી નાદાન હોય છે.હાલમાં પોકસો કોર્ટમાં ચાલી ગયેલા કેસમાં સગીરા જે તે સમયે ૧૨ વર્ષની હતી અને જે તદ્દન નાદાન હોય જેથી નરાધમ તેનો લાભ ઉઠાવી સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ આચર્યું હોય જેથી યુવકોએ પણ સગીરાને ભગાડી જતા કાયદાનું જ્ઞાન મેળવી લેવું જરૂરી છે.

## ધ્રોલમાં ઉનાળું વેકેશનમાં બાળકોને મોબાઈલથી દૂર રાખવા સમર કેમ્પ

**ધ્રોલ,**
ધ્રોલમાં એમ.ડી. મહેતા જીલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઉનાળુ વેકેશનમાં બાળકો પ્રવૃત્તિમય રહે. મોબાઈલથી દુર રહે. મોબાઈલનો ઉપયોગ કરતા જે આનંદ આવે તેથી પણ વિશેષ આનંદ આપતી સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકો જાતે કરે તેવા ઉદેશથી તા.૧લી મેથી તા.૩૧ મે સુધી ખાસ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને દરરોજ ત્રણ કલાક માટે સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ, મેથ્સ આધારીત પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

ખાસ સમર કેમ્પમાં બાળકોને વિજ્ઞાન રમકડાંની બનાવટ, ગણીત રમકડાં બનાવટ બોટલ, ક્રાફટ વર્ક, સાયન્સ, કાર્ટુન, મેકીગ, ઉડી ફીલ્મ શો, કિચન ગાર્ડનીગ પાવરફુલ ટેલીસ્કોપ વડે આકાશ દર્શન, જાદુઈ પ્રયોગો ડ્રોન અને રોબોટ નિર્દશન વિવિધ સ્પર્ધાઓ વિજ્ઞાન પ્રવાસ વગેરે જેવી પ્રવૃત્તિઓ આવરી લેવામાં આવશે. જેમાં નિયમીત હાજર રહેનારને એપ્રીસિયેશન સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે.

## ૧ લાખની ખંડણી માગનારને પોલીસે ખેડૂતનાં સ્વાંગમાં પહોંચી ઝડપી લીધા

**રાજકોટ,**
રાજકોટના શાપર-વેરાવળમાં મામાદેવના મંદીર પાસે રહેતા મુકેશભાઈ ભુદરભાઈ મસારનો ૧૧ વર્ષનો પુત્ર સોમવારે બપોરે દોઢેક વાગે પોતાના ઘર નજીક રમતો હતો. મોડે સુધી બાળક ઘરે નહી આવતાં પરીવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમ્યાન મુકેશભાઈ પર ફોન આવ્યો હતો. બાળક પોતાના કબજામાં હોવાનું અને બાળક જોઈતું હોય તો રૂ.૧ લાખ આપવા પડશે તેમ કહી ખંડણી માગી હતી. મુકેશભાઈએ શાપર પોલીસને જાણ કરતાં એસપી જયપાલસિંહ રાઠોડના નોજા હેઠળ એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાની ટીમે તપાસ હાથ ધરી હતી. અલગ અલગ મોબાઈલ નંબરથી ફોન આવ્યા હતા તેના પર પોલીસે તપાસ કેન્દ્રીત કરતાં આરોપી ગોડલના ઉમવાડાની સીમમાં હોવાની માહિતી મળી હતી. એકાદ કલાકની જહેમત બાદ પોલીસ નિયત સ્થળે પહોચી હતી. પોલીસને જોતા જ ત્યાં હાજર બે અપહરણકારોએ ભાગવાનો પ્રયાસ કર્યયો હતો. પરંતુ તે ઝડપાઈ ગયયા હતા. બાળક હેમખેમ મળી આવતા પોલીસે રાહતનો દમ લીધો હતો.

પોલીસે સ્થળ પરથી વીરપુરના ભુવનેશ્વરી ઢોરે રહેતા શાંતીલાલ ઉર્ફે શની ઉર્ફે ગુંજન સુધીર ધોળકીયા અને ગોડલના વેજા ગામના અલ્પેશ ભગા મહીડાને ઝડપી લઈ બંનેની આગવી ઢબે પુછપરછ કરતાં તેઓએ પોતે મિત્રો છે. દુકાન શરૂ કરવા પૈસાની જરૂરીયાત હોઈ બાળકનાં અપહરણનો પ્લાન ઘડયો હતો. પોલીસે બંને આરોપીને એક દિવસના રીમાન્ડ પર લીધાં છે.

## પુન્દ્રાસણ નજીક રીક્ષામાંથી દારૂની ૨૧૪ બોટલ સાથે ૩ શખ્સો ઝડપાયા

**ગાંધીનગર,**
ગાંધીનગરના પુન્દ્રાસણ નજીકથી પસાર થઈ રહેલી રીક્ષાને અટકાવી એલસીબીની ટીમે દારૂની ૨૧૪ બોટલનો જથ્થો ઝડપી પાડયો હતો. અને દારૂ લઈને આવનારા ત્રણ શખ્સોની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચ-૧ ની ટીમે દારૂ, રીક્ષા અને મોબાઈલ સહીત રૂા.૯૨ હજારનો મુદામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીનગર એલસીબીની ટીમે દારૂ, રીક્ષા અને મોબાઈલ સહીત રૂ.૯૨ હજારનો મુદામાલ કબજે કર્યો

ગાંધીનગર જીલ્લામાં પ્રોહીજુગારની પ્રવૃત્તિ આચરતા તત્વોને પકડી પાડવા ગાંધીનગર રેન્જના વડા વીરેન્દ્રસિંહ યાદવ તથા જીલ્લા પ પોલીસ વડા રવી તેજા વાસમસેટ્ટીએ પેટ્રોલીગ કરી પ્રોહી-જુગાર અન્વયે દરોડા પાડી પરીણામલક્ષી કામગીરી કરવા એલ.સી. બી પોલીસ ઈન્સ્પેકટર ડી.બી. વાળાને ખાસ સુચના આપી હતી. તેના આધારે ડી.બી. વાળાએ અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીગ કરવા સૂચના આપી હતી. જેના ભાગરૂપે સોમવારે એલ.સી. બી-૧ ના પીએસઆઈ એસ.જે. ચૌહાણ તેમની ટીમે સાથે કચેરીમાં હાજર હતા. તે દરમ્યાન કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ તથા આ. એલ.આર. રાહુલને મળેલી બાતમીના આધારે પુન્દ્રાસણ ગામ બસ સ્ટોપ નજીક રોડ પર વોચ ગોઠવી હતી. ત્યારે સામેથી આવી રહેલી રીક્ષાને અટકાવી તલાશી હાથ ધરી હતી. તે વખતે તેમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશીદારૂની નાની મોટી ૨૧૪ બોટલનો જથ્થો મળી આવ્યો હતો.તેની કિમત રૂા.૩૮,૨૩૩ થાય છે. તેમજ ૫૦ હજારની કિમતની સી.એન.જી. રીક્ષા અને એક મોબાઈલ મળી કુલ રૂા.૯૨,૨૩૩ નો મુદામાલ કબજે કર્યયો હતો. આ ગુનામાં દારૂનો જથ્થો લાવનાર વિજુભા ઉર્ફે વિજુભા ઉર્ફે વિજયય જોગજી ઉર્ફે અરજણજી ઉર્ફે સારાજી ઠાકોર અને અરજણજી ચેનાજી ઠાકોર રહે. ઉમરી ગામ મકવાણા વાસ તા.કાકરેજ જી.બનાસકાંઠા ને ઝડપી લઈ ગુનો દાખલ કર્યયો હતો. તેમજ આ ગુનામાં નહી પકડાયેલા આરોપીઓ મંગુભા ઉર્ફે પોપટભાઈ વેલસીગ ડાભી શીહોરી ગામ, તા. કાંકરેજ જી.બનાસકાંઠા અને અજય ઠાકોરની સામે પણ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### મહીસાગરના હાડોડ પાસેથી પસાર થતી

## મહી નદીના જૂના પુલ પરથી કાર ખાબકતા એકનું મોત

**(પ્રતિનિધિ) ગોધરા,**
લુણાવાડા તાલુકા ના હડોડ પાસેથી પસાર થતી મહીસાગર નદી ઉપર આવેલા એકદમ ક્ષતિગ્રસ્ત અને દર ચોમાસામાં ડૂબકીયા પુલ થી ઓળખાતા જુના બ્રિજ ઉપરથી પસાર થતી એક કાર બેકાબૂ બનીને મહીસાગર નદી મા ધડાકાભેર ખાબકતા કારમાં સવાર કાકચીયા ગામના આશાસ્પદ યુવક મયુર પટેલનુ મોત નીપજ્યું હતું અને મહીસાગર ના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલ આ કારને શોધવા માટે અને અન્ય કોઈ કારમાં હતું કે કેમ ? આ માટે ફાયર બ્રિગેડ ની ટીમ દ્વારા મહીસાગર નદીમાં રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું છે. કાકચિયા ગામના આશાસ્પદ યુવકનો ભોગ લેનાર આ ભયવાહ દુર્ઘટનાના પગલે હાડોડ પાસે મહીસાગર નદી ઉપર કરોડો રૂપિયાના ખર્ચે નવો બ્રિજ બનાવ્યા બાદ અત્યંત જોખમી એવા ક્ષતિગ્રસ્ત જુના પુલ ઉપરથી વાહન વ્યવહાર ની અવર-જવરો સદંતર બંધ કરાવવા મા જિલ્લા વહીવટી તંત્ર અને મુખ્યત્વે માર્ગ અને મકાન વિભાગના સત્તાધીશોની બેદરકારીઓ બહાર આવી હોવાના આક્રોશ મૃતક યુવકના સ્વજનો અને પરિચિતોમાં સ્વાભાવિક જોવા મળ્યો હતો.

લુણાવાડા તાલુકાના હાડોડ ગામ પાસેથી પસાર થતી મહીસાગર નદીમાં જુના પુલ પરથી કાર ખાબકી. મળતી પ્રાથમિક માહિતી મુજબ કારમાંથી હાલ એક વ્યક્તિનો મૃતદેહ નદીમાં જોવા મળી રહ્યો છે. બનાવની જાણ થતા મહીસાગર જિલ્લાની પોલીસે ઘટનાસ્થળે દોડી આવી તાપસ હાથ ધરી છે. જયારે કાર નદીના પાણીમાં ગરકાવ થઈ છે, જેને બહાર કાઢવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બનવા અંગે લુણાવાડા ફાયર વિભાગની ટીમને જાણ થતાં બોટ સાથે પહોંચી મહીસાગર નદીમાં તપાસ હાથ ધરી છે તેમજ નદીમાં ખાબકેલી કારમાંથી લુણાવાડાના કાકચીયા ગામના વતની મયુર પટેલ નામના યુવકની લાશને બહાર કાઢી પીએમ અર્થે લુણાવાડાની સિવિલ હોસ્પિટલ ખસેડાઈ છે. કાર લઈને આવતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. બ્રિજ ખખડધજ અને તૂટેલી હાલતમાં હોવાથી ત્યાંથી પસાર થતા ચાલકે કાબૂ ગુમાવતા બ્રિજના તૂટેલા સ્લેબ પર કારનું ટાયર ચડી જતા કાર બેકાબૂ થઈ નદીમાં ખાબકી હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ બહાર આવ્યું છે. પાલિકાની ફાયર ટીમ અને ટાઉન, હ્અ.જૅ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી તપાસ કાર્યવાહી હાથ ધરી છે. સાથે નદીમાં ખાબકેલી કારમાં અન્ય કોઈ સવાર હતું કે કેમ તે અંગે પણ શોધખોળ કરાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નવો બ્રીજ બની ગયા પછી પણ જૂના અને ખખડધજ પુલ પરથી વાહનવ્યવહાર બેરોકટોક ચાલી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગના જવાબદાર અધિકારીઓએ નોન યુઝ થયેલ આ પુલ પરથી વાહન વ્યવહાર અટકાવવા યોગ્ય પગલાં ન ભરતાં અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

## સગીરાનું શારીરિક શોષણ કરવાના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા

**(પ્રતિનિધિ) ગોધરા,**
બનાવની હકીકત એવી છે કે, આરોપી શૈલેષકુમાર રાજેશભાઈ ચૌહાણ રહે. ડેમલી તા.શહેરાનાઓએ ફરીયાદીની સગીર વયની દીકરીને પટાવી ફોસલાવી લગ્ન કરવાના તેમજ તેણીનું શારીરિક શોષણ કરવાના આશયથી ફરીયાદીના વાલીપણામાંથી ભગાડી લઈ જઈને તેની સાથે અવાર નવાર શોષણ કરેલ જે બાબતે આરોપીનાઓ વિરૂધ્ધ ફરીયાદીએ શહેરા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) એન તથા પોકસો અધિનીયમ કલમ ૫(એલ), ૬, ૧૨ મુજબની ફરીયાદ આપેલ અને ત.ક.અમ.શ્રીનાઓએ ગુનો નોંધી અને આરોપી શૈલેષકુમાર રાજેશભાઈ ચૌહાણ રહે. ડેમલી તા.શહેરાનાઓને પકડી પાડેલ અને નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને જે બાબતે પંચમહાલ જીલ્લાના મહે.સ્પે.જજ તથા બીજા એડી. સેશન્સ જજ શ્રી આર.જે.પટેલ ની કોર્ટમાં કેસ ચાલી જતાં રેકર્ડ ઉપર જે પુરાવો આવેલ તે પુરાવો ધ્યાને લઈ અને સદર કામે મદદનીશ સરકારી વકીલ આર.એમ.ગોહીલનાઓએ ફરીયાદી, ભોગ બનનારની, પંચોની, ડૉ.ની તથા અન્ય સાહેદોની તથા તપાસ કરનાર અમલદારની જુબાની ના આધારે વિગતવારની દલીલો કરેલી જે દલીલો સાંભળયા બાદ અને આરોપી શૈલેષકુમાર રાજેશભાઈ ચૌહાણ રહે. ડેમલી તા.શહેરાનાઓને તકસીરવાન ઠેરવી સજા માટે સાંભળયા બાદ પંચમહાલ જીલ્લાના મહે.સ્પે.જજ તથા બીજા એડી. સેશન્સ જજ શ્રી આર.જે.પટેલ ની કોર્ટે આરોપીને ઈ.પી.કો. ની કલમ ૩૬૩, ૩૬૬ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૭(સાત) વર્ષની સખત કેદની સજા અને રૂા.૫,૦૦૦/- નો દંડ ફરમાવવામાં આવેલ અને જો આરોપી દંડ ન ભરે તો વધુ-૩ (ત્રણ) માસની સખત કેદની સજા અને ઈ.પી.કો.કલમ ૩૭૬(૨)(ન્ન) તથા પોકસો એકટની કલમ ૬ સાથે વાંચતા કલમ-૫(એલ) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૧૦,૦૦૦/- નો દંડ ફરમાવામાં આવેલ છે અને જો દંડના ભરે તો વધુ ૬ (છ) માસની સખત કેદની સજા નો હુકમ કરવામાં આવેલ છે અને પોકસો એકટની કલમ ૧૨ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૧ (એક) વર્ષની સખત કેદની સજા તથા રૂ.૫,૦૦૦/- નો દંડ ફરમાવામાં આવેલ છે અને જો દંડના ભરે તો વધુ ૩ (ત્રણ) માસની સખત કેદની સજા નો હુકમ કરવામાં આવેલ છે.

